# અનુસુચિત જનજાતીઓ અને
# બીજા પરંપરાગત રીતે જંગલમાં રહેનાર
# (માન્યતા અને વન અધિકાર)
# અધિનિયમ, ૨૦૦૬

(મૂળ અંગ્રેજી કાયદામાંથી ગુજરાતીમાં રૂપાંતરણ)



**ભીમનો કાયદો,**

**બિરસાનુ તીર**

**સાથે મળીને**

**બદલીએ તાસીર**



**પ્રકાશક :**

## વિકલ્પ

એ/૮, આનંદ ટેનામેન્ટ, વસ્ત્રાપુર રેલ્વે સ્ટેશન પાસે,
વેજલપુર, અમદાવાદ-૩૮૦ ૦૫૧.

**પ્રિન્ટર્સ :**

મંજુ ટ્રેડર્સ
અમદાવાદ. (મો) ૯૮૨૫૫ ૭૫૪૪૭

**પ્રત :** ૨૦૦૦

**વર્ષ :** ૨૦૦૭-૨૦૦૮

**સ્વૈચ્છિક યોગદાન રૂા. ૧૦/-**

---

**ફક્ત ખાનગી વિતરણ અને શૈક્ષણિક હેતુ માટે જ**

---

**ગુજરાતી અનુવાદને લઈને કંઈ વિવાદ**
**ઉભો થાય તો અંગ્રેજી કાયદો આખરી ગણાશે.**

# પ્રસ્તાવના :

સમગ્ર ભારત દેશના આદિવાસીઓ અને આદિવાસી હિતચિંતક વ્યક્તિઓ - સંસ્થાઓ દ્વારા આદિવાસીઓના જંગલની જમીન તથા જંગલના સંશાધનો ઉપરના અધિકારો માટેના સંઘર્ષ સ્વરૂપે ક્રાંતિકારી કાયદો ''અનુસુચિત જનજાતીઓ અને બીજા પરંપરાગત રીતે જંગલમાં રહેનાર (માન્યતા અને વન અધિકાર) અધિનિયમ, ૨૦૦૬'' અમલમાં આવ્યો છે. આ કાયદા ઉપર ૨૯ ડિસેમ્બર-૨૦૦૬ના રોજ રાષ્ટ્રપતિની સહી થઈ તા. ૨ જાન્યુઆરી-૨૦૦૭ના રોજ ભારતના રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો.

આદિવાસીઓ તથા અન્ય જંગલ ઉપર આધારિત વિચરતી જાતિઓને સદીઓથી થઈ રહેલા અત્યાચાર, અન્યાય, શોષણ અને નુકશાનને ભરપાઈ કરવા તથા તેઓના અધિકારોને કાયદેસરની માન્યતા આપવા માટે આ કાયદો મહત્ત્વપૂર્ણ સાબિત થઈ રહેશે. આ કાયદો આદિવાસીઓના અધિકારોને પુનઃ સ્થાપિત કરતો કાયદો છે, જેનો સૌથી વધારે લાભ આદિવાસી સમૂહને મળનારો છે. તેથી આ કાયદાના અમલ માટે પણ આદિવાસી સમૂહે મહત્ત્વની ભૂમિકા નિભાવવી પડશે, નહિ કે પોલીસતંત્ર, સરકારી તંત્ર કે ન્યાયતંત્ર. એટલે કે આદિવાસીઓ જ્યાં સુધી આ કાયદાને સમજીને તેનો અમલ કરવાની આગેવાની નહી લે તો તે ***'પોથીમાના રીંગણા'*** સાબિત થશે.

અમે આ પુસ્તકમાં ભારતનાં રાજપત્રમાં પ્રસિધ્ધ થયેલ ''અનુસુચિત જનજાતીઓ અને બીજા પરંપરાગત રીતે જંગલમાં રહેનાર (માન્યતા અને વન અધિકાર) અધિનિયમ, ૨૦૦૬'નું ગુજરાતી અનુવાદ મૂકીએ છીએ, જેથી લોકો તેને સરળતાથી સમજી શકે. આ પુસ્તકમાં કાયદાનું અર્થઘટન, મૂલ્યાંકન કે વિવેચન કરવામાં આવ્યું

નથી, પરંતુ શુદ્ધ સ્વરૂપે અંગ્રેજી કાયદાનું અનુવાદ ગુજરાતીમાં મૂકવામાં આવેલ છે. આ કાયદાના ગુજરાતી અનુવાદ વખતે સંપૂર્ણ કાળજી રાખવામાં આવી છે. આમ, છતાં કાયદાના અર્થઘટન કે અન્ય કોઈ બાબતને લઈને વિવાદ ઉત્પન્ન થાય તો ભારતના રાજપત્રમાં પ્રસિધ્ધ થયેલ મૂળ અંગ્રેજી કાયદો આખરી ગણાશે.

આમ, જોઈએ તો કાયદાનું અર્થઘટન એ કાયદાના નિષ્ણાંતોનો વિષય છે, પરંતુ જ્યાં સુધી આ કાયદાના અમલીકરણને લાગે-વળગે છે ત્યાં સુધી કાયદાના નિષ્ણાંતો કરતા જેને આ કાયદાના અમલીકરણ સાથે સીધો સંબંધ છે, તેવા જંગલ જમીન તથા તેના સંશાધનો ઉપરના હક્કદાર એવા લોકો જ કાયદાનું અર્થઘટન કરી તેનો અમલ કરાવે તો જ કાયદાને ખરા અર્થમાં ક્રાંતિકારી કાયદો બનાવી શકાશે.

**- હિમાંશુ બેંકર**

(એડવોકેટ)

# અનુસુચિત જનજાતીઓ અને બીજા પરંપરાગત રીતે જંગલમાં રહેનાર (માન્યતા અને વન અધિકાર) અધિનિયમ, ૨૦૦૬

## પ્રકરણ-૧

## પ્રાથમિક

૧. (૧) આ અધિનિયમ અનુસુચિત જનજાતીઓ અને બીજા પરંપરાગત રીતે જંગલમાં રહેનાર (માન્યતા અને વન અધિકાર) અધિનિયમ, ૨૦૦૬ તરીકે ઓળખાશે.

(૨) આ અધિનિયમ જમ્મુ કાશ્મિર સિવાય સમગ્ર ભારતમાં લાગુ પડશે.

(૩) સંઘ સરકાર સત્તાવાર રાજપત્રમાં જે તારીખે લાગુ પડવાનું, જાહેરનામું બહાર પાડે ત્યારથી અમલમાં આવશે.

૨. **આ અધિનિયમમાં અન્ય જણાવેલ ન હોય ત્યાં,**

(એ) ''સામૂહિક જંગલ/વન સંશાધન'' એટલે ગામની હદમાં આવેલ, પરંપરાગત અથવા વ્યવહારુ રીતે સામાન્ય વન્ય જમીન, અથવા ગ્રામ્ય જીવનના અનુસંધાને ઋતુગત રીતે સૃષ્ટિ સૌંદર્ય કે જેમાં અનામત વનો, સુરક્ષિત વનો અને સુરક્ષિત વિસ્તારો જેવા કે, અભ્યારણ અને રાષ્ટ્રિય ઉદ્યાનો કે જેનો સામુહિક રીતે પરંપરાગતથી ઉપયોગ થતો હોય.

(બી) ''વન્ય જીવો માટે ભયાનક વસવાટ'' એટલે ખાસ કરીને રાષ્ટ્રીય ઉદ્યાન અને અભ્યારણ તરીકે સ્પષ્ટ રીતે જે તે બાબતે સ્થપાયેલ વિસ્તાર વૈજ્ઞાનિક અને ઉદ્દેશપૂર્ણ ધોરણના આધારે કે જેને પર્યાવરણ અને વન મંત્રાલયે ખુલ્લી પ્રક્રિયા દ્વારા તજજ્ઞ સમિતિ સાથે પરામર્શ કર્યા પછી વન્ય જીવોની સાચવણીના હેતુસર સંઘ સરકારે જાહેર કરેલ હોય, જેમાં સ્થાનિક વિસ્તારના તજજ્ઞો અને 'મિનીસ્ટ્રી ઓફ ટ્રાયબલ અફેર્સ' ના પ્રતિનિધિઓ સરકારે નિયુક્ત કર્યા હોય તેમનો સમાવેશ

પણ થશે, આવા વિસ્તાર નિર્ધારણ સામે કલમ ૪ ની પેટા કલમ (૧) અને (૨) મુજબની જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

(સી) ''વનમાં રહેલી અનુસુચિત જનજાતીઓ'' એટલે ગ્રામ્ય જીવનની અનુસુચિત જનજાતીઓ કે જે પ્રાથમીક રીતે જંગલમાં રહે છે અને વન તથા વન્ય જમીન ઉપર તેમનું જીવનિર્વાહ યથાર્થ રીતે આધારીત છે, જેમાં વિચરતી અનુસૂચિત જનજાતિઓનો પણ સમાવેશ થાય છે.

(ડી) ''વન્ય જમીન'' એટલે એવી જમીન કે જેને વન વિસ્તાર તરીકે જાહેર કરેલ હોય, તેમાં આવતી જમીન અને તેમાં બીન વર્ગીકૃત વનો. સિમાંકન ન થયેલ હોય તેવા વનો, અસ્તિત્વમાં અથવા માની લીધેલા વનો, સુરક્ષિત વનો, અનામત વનો, અભ્યારણો અને રાષ્ટ્રીય ઉદ્યાનો.

(ઇ) ''વન અધિકાર'' એટલે કલમ-૩ માં જેનો સંદર્ભ છે તેવા વન અધિકાર

(એફ) ''વન્ય ગામો'' એટલે રાજ્ય સરકારના વન વિભાગ દ્વારા વનીકરણના કાર્યો માટે જંગલોમાં ઉભી કરવામાં આવેલી વસાહતો અથવા અનામત વનોની કાર્યવાહી દ્વારા ગામોને વન્ય ગામોમાં રૂપાંતરીત કરવામાં આવ્યા હોય, જેમાં વન વસાહતના ગામો, નિયત હક્ક ધરાવનાર, બધા જ પ્રકારના Taungya સમાધાન કે ગેમે તે નામ આપવામાં આવે કે જેમાં સરકારની મંજુરી થી ખેતીકામ અથવા બીજા કામ માટેની જમીનો અને ગામો.

(જી) ''ગ્રામ સભા'' એટલે ગામ સભા, કે જેમાં ગામના તમામ પુખ્ત વયના સભ્યોનો સમાવેશ થાય છે અને જે રાજયમાં પંચાયતો ન હોય ત્યાં, *પદાસ, તોલાસ* અને બીજા પરંપરાગત ગામ સંસ્થાનો અને ચૂંટાયેલ ગામ સમિતિઓ જેમાં સંપૂર્ણ અને અનિયંત્રિત રીતે મહિલાઓની સહભાગીતા હોય.

(એચ) ''વસવાટ'' માં વ્યવહારૂ રીતે રહેવા અને બીજા રહેનારા આરક્ષિત જંગલો અને સુરક્ષિત જંગલોમાં આદી જાતીઓના સમૂહો અને પૂર્વ ખેતીવાડી સમૂહો અને બીજા વનમાં રહેનારી અનુસૂચિત જાતીઓનો સમાવેશ થાય છે.

(આઇ) ''ગૌણ વન્ય પેદાશ'' (માયનોર ફોરેસ્ટ પ્રોડ્યુસ) માં ઈમારતી લાકડા સિવાયની વન્ય પેદાશ કે જેમાં સાંવડા, લાકડું, ઠુંઠું, વાંસ, રેશમના કીડા, રેશમના કીડાના ઈંડા, મધ, મીણ, લાખ, ટેન્દુ અથવા કેન્દુંના પાંડદાઓ, વૈદકિય છોડવાઓ અને ઔષધીઓ, મૂળ, કંદમૂળો અને તેના જેવી વસ્તુઓનો સમાવેશ થાય છે.

(જે) ‘‘નોડલ એજન્સી’’ એટલે કલમ-૧૧ માં નિયત કરેલ નોડલ એજન્સી.

(કે) ‘‘જાહેરનામું’’ એટલે સત્તાવાર રાજપત્રમાં પ્રકાશિત થયેલ જાહેરનામું.

(એલ) ‘‘મુકરર’’ એટલે આ અધિનિયમ અન્વયે મુક્કર કરેલ.

(એમ) ‘‘અનુસૂચિત વિસ્તાર’’ એટલે બંધારણના અનુચ્છેદ ૨૪૪ (૧) માં અનુસૂચિત વિસ્તારનો સંદર્ભ છે તે

(એન) ‘‘ટકાઉ (અક્ષય) ઉપયોગ’’ નો અર્થ જૈવિક વૈવિધ્ય અધિનિયમ, ૨૦૦૨ (બાયો-ડાયવર્સીટી એક્ટ ૨૦૦૨) ની કલમ ૨(ઓ) માં જણાવ્યા મુજબ.

(ઓ) ‘‘વનમાં પરંપરાગત રહેનાર બીજા’’ એટલે ૧૩ ડીસેમ્બર, ૨૦૦૫ પહેલા ઓછોમાં ઓછી ત્રણ પેઢીથી રહેતા હોય તેવા સમાજ અથવા સભ્યો અને જેઓ વન કે વન જમીન ઉપર જેમનું જીવન નિર્વાહ યથાર્થ રીતે આધારીત હોય.

**<u>ખુલાસો :</u>** આ પેટા કલમમાં ‘‘પેઢી’’ એટલે ૨૫ વર્ષનો સમયગાળો ધ્યાનમાં લેવાનો છે.

(પી) ‘‘ગામ’’ એટલે -

(૧) પંચાયતો (અનુસૂચિત વિસ્તાર વિસ્તરણ) અધિનિયમ, ૧૯૯૬ ની કલમ ૪ ની પેટાકલમ (બી) માં જેનો સંદર્ભ છે તે; અથવા,

(૨) અનુસૂચિત વિસ્તાર સિવાયનો એવો વિસ્તાર કે જે તે રાજ્યના કાયદા દ્વારા પંચાયતે ગામ તરીકે સંદર્ભ કર્યો હોય; અથવા

(૩) વન ગામો, જુની વસાહતો અથવા વસનારાઓ અને મોજણી નહિ થયેલ ગામો પછી તેમને ગામ તરીકે જાહેર કરવામાં આવેલ હોય કે ન હોય; અથવા

(૪) જે રાજ્યમાં પંચાયતો ના હોય ત્યાં પરંપરાગત રીતનું ગામ, પછી ગમે તે નામથી તેની ઓળખ હોય.

(ક્યુ) ‘‘જંગલી પશુ’’ એટલે પશુઓની એવી પ્રજાતીઓ કે જેને વન્ય જીવ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ અન્વયે પરિશિષ્ટ ૧ થી ૪ માં દર્શાવવામાં આવેલ છે અને જેમની પ્રકૃતિ જંગલી જોવા મળેલ છે.

# પ્રકરણ-૨

# વન અધિકારો

૩. વનમાં વસવાટ કરનાર અનુસુચિત જનજાતીઓ અને બીજા પરંપરાગત રીતે જંગલમાં વસનારના અનુસંધાને વ્યક્તિગત અથવા સામુહિક અથવા બંનેના સંદર્ભે આ અધિનિયમ અન્વયે નીચે મુજબના અધિકારો, વન અધિકારો ગણાશે, જેમાં મુખ્યત્વે :

(એ) વ્યક્તિગત કે સામુહિક વ્યવસાય માટે વન જમીન ધારણ કરવાનો અને રહેવાનો અધિકાર અથવા અનુસુચિત જનજાતીઓ અથવા બીજા પરંપરાગત રીતે જંગલમાં રહેનારાઓને જીવનનિર્વાહ ચલાવવા માટે જમીન જાતે ખેડવાનો અધિકાર.

(બી) સામુહિક અધિકાર જેવા કે 'નિસ્તાર' કે જેમાં રાજાશાહી વ્યવસ્થા પહેલાનો ઉપયોગ, જમીનદારી અથવા બીજા વચગાળાની રાજવ્યવસ્થા દરમ્યાન ગમે તે નામથી ઓળખવામાં આવતો હોય.

(સી) ગામની સીમાની અંદર અથવા સિમા બહાર ગૌણવન પેદાશને પરંપરાગત રીતે ભેગી કરેલ હોય તેનો માલિકીનો, ભેગી કરી વાપરવાનો, ઉપયોગ કરવાનો અને નિકાલ કરવાનો અધિકાર.

(ડી) બીજા સામુહિક ઉપયોગ કરવાના અધિકારો અથવા માછલી અને બીજી પાણી સંશોધનોની પેદાશ, ઘાસ / ચરિપાણ (નિયત અથવા ઋતુગત) અને પરંપરાગત રીતે ઋતુગત સંશાધનો વાપરવાનો ગ્રામ્યજનોનો અથવા વિચરતી જાતીઓના અધિકારો -

(ઇ) અધિકારો, જેમાં અવિકસિત જાતીના સમૂહો અને ખેતીવાડી સમૂહો માટે વસવાટ કરવા માટે ધારણ કરવાનો અધિકાર.

(એફ) કોઈપણ રાજયમાં ગમે તે વ્યવસ્થાતંત્ર અન્વયે, જમીન કે જમીન સંદર્ભેના હક્ક દાવા અંગે તકરાર સંબંધી બાબતનો અધિકાર.

(જી) રાજ્ય સરકાર કે સ્થાનિક સત્તા મંડળની મંજૂરીથી, માલિકી હક્ક વાળી વનની જમીનનો રાખવા, પટ્ટા અથવા ભાડાપટ્ટા બાબતે માહિતગાર થવાનો અધિકાર.

(એચ) જંગલના ગામો, જુની વસાહતો, મોજણી નહી થયેલ ગામો અને વનમાં આવેલ અન્ય ગામો

પછી ભલે તેની દફતરમાં મહેસુલી સંદર્ભે નોંધણી કે જાહેરનામું થયેલ હોય કે ન હોય ત્યાં, વાર્તાલાપ કે ભાષણ અને નિવેડો લાવવાનો અધિકાર.

(આઇ) પરંપરાગત રીતે જેનું સંરક્ષણ અને ટકાઉ (અક્ષય) ઉપયોગ માટે જાળવણી થતી હોય તેવા સામુહિક જીવન સંશાધનોને, રક્ષણ, પુનઃપ્રાપ્તિ અને જાળવણી તથા વ્યવસ્થા કરવાનો અધિકાર.

(જે) એવા અધિકારો કે જે કોઇ રાજ્યના કાયદા અન્વયે માન્યતા આપી છે અથવા કોઇપણ સ્વાયત્ત જિલ્લા મંડળે (કાઉન્સિલ) અથવા સ્વાયત્ત પ્રાદેશિક મંડળ (કાઉન્સિલ) અથવા કોઇપણ રાજ્યમાં રૂઢી દ્વારા અથવા પરંપરા દ્વારા આદિજાતીઓના અધિકારોને સ્વીકારવામાં આવેલ હોય.

(કે) જેવિક વૈવિધ્યતા વાપરવાનો અધિકાર અને જૈવિક વૈવિધ્યતા અને સાંસ્કૃતિક વૈવિધ્યતા અનુસંધાને બૌધિક સંપદા ઉપર સામુહિક અધિકાર.

(એલ) વનમાં વસવાટ કરતી અનુસૂચિત જનજાતીઓ અથવા પરંપરાગત રીતે વનમાં રહેનાર, ઉપર જણાવેલ (એ) થી (કે) માં નથી જણાવાયા તેવા પરંપરાગત અને ઋઢીગત અધિકારો માણી શકશે. પણ, પરંપરાગત રીતે શિકાર કરવાનો અથવા ફસાવવાનો અથવા કોઇપણ વન્યપશુની પ્રજાતીઓના શરીરમાંથી કોઇ અંગ કાઢી લેવાનો અધિકાર બાકાત રાખવામાં આવેલ છે.

(એમ) ૧૩ ડીસેમ્બર, ૨૦૦૫ પહેલા વનમાં વસવાટ કરનાર અનુસુચિત જનજાતીઓ અથવા પરંપરાગત રીતે વનમાં રહેનાર ગેરકાયદેસર રીતે દૂર કરાયા હોય અથવા કોઇપણ વર્ણવવાની વનજમીન પરથી વિસ્થાપિત કરવામાં આવ્યા હોય, અને કોઇપણ પ્રકારના તેમના કાયદેસરના અધિકારો મેળવવાનો અથવા પુનઃસ્થાપન ન કર્યું હોય તેમને, તેમની મુળ સ્થિતિમાં પુનઃ સ્થાપન તેમજ વૈકલ્પિક જમીન મેળવવાનો અધિકાર રહેશે.

(૨) વન (ઉપયોગ) અધિનિયમ, ૧૯૮૦ માં ગમે તે જણાવવમાં આવેલ હોય તેમ છતાં કેન્દ્ર સરકાર એક હેક્ટર દીઠ ૭૫ થી વધુ નહિં તેટલા વૃક્ષો પાડીને વન જમીનનો બીજી રીતનો ઉપયોગ નીચેની સુવિધાઓ માટે કરી શકશે, જેમાં ,

(એ) શાળા;

(બી) દવાખાનું કે ચિકિત્સાલય;

(સી) આંગણવાડી;

(ડી) વાજબી ભાવની દુકાનો;

(ઇ) વિજળી અને સંદેશા વ્યવહારના તાર;

(એફ) ટાંકાઓ અને ગૌણ પાણીના તંત્રો;

(જી) પીવાના પાણીનો પુરવઠો અને પાણીની પાઇપલાઇનો;

(એચ) પાણી અથવા વરસાદી પાણીને બચાવવાના માળખાઓ;

(આઇ) ગૌણ સિંચાઇની નહેરો;

(જે) બીન-પરંપરાગત શક્તિ સ્ત્રોત;

(કે) કુશળતા સુધારણા અથવા વ્યાવસાયિક તાલિમ કેન્દ્રો;

(એલ) રસ્તાઓ; અને

(એમ) સામુહિક કેન્દ્રો.

સાથે એવી જોગવાઇ કરવામાં આવેલ છે કે

(૧) ઉપરોક્ત દરેક કિસ્સામાં ૧ હેક્ટરથી ઓછી જંગલની જમીન અન્ય ઉદ્દેશ માટે આપી શકાશે અને

(૨) આવી વિકાસની યોજનાઓ ગ્રામ સભાની ભલામણને આધીન મંજૂર કરવામાં આવશે.

# પ્રકરણ - ૩

# વન અધિકારો અને સંબંધિત બાબતોની માન્યતા, પુનરુદ્ધાર અને નિરૂપણ

૪ (૧) આ અધિનિયમની જોગવાઈઓ વિષય સંબંધિત પ્રવર્તમાન અમલમાં હોય તેવા અન્ય કાયદામાં ગમે તે જોગવાઈ કરવામાં આવેલ તો પણ કેન્દ્ર (મધ્યસ્થ) સરકાર નીચે મુજબના વન અધિકારોએ માન્યતા આપશે -

(એ) રાજ્યના વનમાં રહેતી અનુસુચિત જનજાતીઓ અથવા કલમ-૩ માં આવેલ છે તેવા તમામ અધિકારો દર્શાવામાં રાજ્યો અને જેને અનુસૂચિત જનજાતીઓ તરીકે જાહેર કરે તેને,

(બી) પરંપરાગત રીતે વનમાં રહેનારને કલમ-૩ માં દર્શાવવામાં આવેલ બધા વન અધિકારો.

(૨) આ અધિનિયમ અન્વયે માન્ય વન અધિકારો પૈકી રાષ્ટ્રિય ઉદ્યાન અને અભ્યારણ્યોને પાછળથી ફેરફાર અથવા પુનઃગોઠવણી એવી રીતે કરી શકાશે કે જેથી વનઅધિકાર ધારણ કરનારને પુનઃસ્થાપન અથવા વન્ય જીવોના સુરક્ષીત વિસ્તાર સંબંધે કોઈપણ રીતે વિપરીત અસર ન કરે સિવાય કે નીચે મુજબની શરતો સંતોષવામાં આવે છે જેમ કે,

(એ) કલમ-૬ માં દર્શાવેલ તમામ ક્ષેત્ર (બાબત) ને ધ્યાનમાં લઈને માન્યતા અને નિરૂપણ કરવામાં આવે.

(બી) રાજ્ય સરકારની જે તે સંબંધિત એજન્સી દ્વારા વન્ય જીવ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૭૨ અન્વયે મળેલ સત્તાનો ઉપયોગ કરતા બે બાબતનો ખ્યાલ રાખશે કે હક્ક ધરાવનારની કાર્યવાહીની અસર જંગલી પશુઓ ઉપર પરત ન થઈ શકે તેવુ નુકશાન થવા માટે પુરતી છે અને જેમાંથી વર્તમાન પ્રજાતીઓ અને તેમના વસવાટને જોખમ(ભય) રૂપ છે.

(સી) રાજ્ય સરકાર બીજા વાજબી વિકલ્પને આધારે નિર્ણય લેશે જેમકે, સહ અસ્તિત્વ શક્ય નથી.

(ડી) પુનઃવસવાટ અથવા વૈકલ્પિક યોજના એવી રીતે બનાવવી અને સંવહન કરવું (જાણ કરવી) જેથી અસરગ્રસ્ત વ્યક્તિઓ અને સમાજોને તેમના જીવનનિર્વાહની ખાત્રી સાથે

અને આવા અસરગ્રસ્તો અને સમાજોને મધ્યસ્થ સરકારની નિતિ અને સુસંગત કાયદાઓની જરૂરિયાતો પૂર્ણ કરતી હોય.

(ઇ) સુચિત વસાહત સંબંધિત વિસ્તારની ગ્રામ સભાને મુક્ત સંમિતિ અને પુનઃવ્યવસ્થાની યોજના પહોંચાડવાની લેખિત જાણ કરવાની રહેશે.

(એફ) વચન આપ્યા પ્રમાણેની યોજના મુજબની સગવડતા અને જમીન વહેંચણી કરવામાં આડે આવે ત્યા સુધી પુનઃવ્યવસ્થા અમલમાં મુકાશે નહી.

સાથે જોગવાઇ એવી કરવામાં આવેલ છે કે વન્યજીવો માટે ભયાનક વસવાટમાં અધિકાર ધરાવનારે આ રીતે વન્યજીવોની સાચવણી પુનઃ ગોઠવણી કર્યા પછી રાજ્ય સરકાર અથવા મધ્યસ્થ સરકાર અથવા બીજો કોઇ પણ તંત્રો બીજા ઉપયોગ માટે માર્ગાન્તરણ કરાવશે નહિં.

(૩) આ અધિનિયમ અન્વયે વનમાં વસવાટ કરનાર અનુસુચિત જનજાતીઓ અને બીજા પરંપરાગત રીતે વનમાં વસનારના સંબંધે વન્ય જમીન અને તેમના રહેઠાણના અધિકાર સંબંધે કોઇપણ રાજ્ય અથવા કેન્દ્ર અનુશાસિત પ્રદેશ એ શરતે માન્ય રાખશે કે આવી જાતીઓ અને સમાજો અથવા પરંપરાગત રીતે વન જમીન ઉપર તેઓ ૧૩ ડીસેમ્બર, ૨૦૦૫ પહેલા કબજો ધરાવતા હતા.

(૪) પેટા કલમ (૧) દ્વારા માન્ય અધિકારો વારસાપ્રાપ્ય રહેશે પણ તેનો વિરોધી રીતે અથવા તબદીલ પ્રાપ્ત રહેશે નહિ પણ જો લગ્ન કરેલા હશે તો તે બંનેના સંયુક્ત નામથી નોંધણી થઇ શકશે અને કુટુંબની જવાબદારી એક વ્યક્તિથી નિભાવતી હશે ત્યારે તેના સીધા વારસદારની ગેરહાજરમાં, તરત પછીના વારસદારને વારસા પ્રાપ્ય અધિકાર પસાર કરી શકશે.

(૫) અન્ય રીતે જોગવાઇ કરવામાં ન આવે ત્યાં સુધી વનમાં રહેનાર અનુસુચિત જનજાતી અથવા બીજા પરંપરાગત રીતે જંગલમાં રહેનારને વનની જમીનના કબજામાંથી માન્યતા અને ખરાઇની પ્રક્રિયા પૂર્ણ ન કરવામાં આવે ત્યા સુધી દૂર કરવામાં અથવા ખાલી કરાવવામાં આવશે નહિં.

(૬) કલમ ૩ ની પેટાકલમ (૧) ના પરંતુક (એ) માં જે જમીનની વાત કરવામાં આવેલ છે તેના વન્ય અધિકારોની માન્યતા અને નિરૂપણ બાબતે આવી વાસ્તવિક કબજાવાળી જમીન કોઇ વ્યક્તિગત અથવા કુટુંબ અથવા સમાજ આ અધિનિયમના અમલની તારીખે, આવો વિસ્તાર ચાર હેક્ટરથી વધારે નહિ હોય તેની મર્યાદામાં રહેશે.

(૭) વન્ય અધિકારો, તમામ પ્રકારની કાર્યવાહિ અને અવરોધ (ભાર) થી મુક્ત રહીને પ્રાપ્ત થશે જેમાં વન્ય (સાચવણી) અધિનિયમ, ૧૯૮૦ની જરૂરીયાત મુજબ જ્યારે વન્ય જમીન બીજા ઉપયોગ માટે રૂપાંતરીત કરવામાં આવે ત્યારે ''ચોખ્ખી વાસ્તવિક મૂલ્ય'' અને વળતરાત્મક વનીકરણનો પણ સમાવેશ થાય છે. સિવાય કે આ અધિનિયમમાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવેલ હોય.

(૮) વન્ય અધિકારો, વનમાં રહેતા અનુસૂચિત જનજાતિ અને બીજા પરંપરાગત રીતે વનમાં રહેનારની રહેઠાણ અને ખેતીની જમીન, રાજ્ય વિકાસ માટે સંપાદન કરેલ હશે અને કોઈપણ જાતનું વળતર આપવામાં આવેલ નહિ હોય; અને સંપાદન કર્યાના પાંચ વર્ષમાં જે તે સંપાદનના ઉદ્દેશ મુજબ ઉપયોગ નહિ કરાયેલ હોય ત્યારે તે જમીનનો હક્કને માન્યતા અને નિરૂપણ (સ્થાપિત) કરશે.

૫. વન્ય અધિકાર ધારણ કરનાર, ગ્રામસભા અને ગામકક્ષાએ તે વિસ્તારની સંસ્થાઓ કે જ્યાં આ અધિનિયમ મુજબ વન્ય અધિકાર ધારણ કરનાર, એ બાબતને દૃઢ કરશે કે જેમાં,

(એ) વન્યજીવો, વન અને જૈવિક વૈવિધ્યનું રક્ષણ.

(બી) આજુબાજુના જળસ્ત્રોત અને બીજા ભૂજૈવશાસ્ત્રીય રીતે સંવેદનશીલ વિસ્તારોને સંપૂર્ણ રીતે રક્ષણની ખાત્રી આપશે.

(સી) વનમાં વસનાર અનુસૂચિત જનજાતિ અને બીજા પરંપરાગત વનમાં વસવાટ કરનાર, તેમના સાંસ્કૃતિક અને કુદરતી વારસાને નુકશાનકારક કોઈપણ કાર્યો સામે રક્ષણ આપવાની ખાતરી આપશે.

(ડી) ગ્રામ સભાને, સામુહિક વન્ય સંશાધનોનુ નિયમન અને ઉપયોગ કરવાના લિધેલ નિર્ણય અને જંગલી પ્રાણીઓ, જંગલ અને જૈવિક વૈવિધ્યને વિપરીત અસર થાય તેવી કોઈપણ પ્રવૃત્તિઓ બંધ કરાવવાના નિર્ણયની ખાતરી આપશે અને પાલન કરશે.

# પ્રકરણ-૪

# વન્ય અધિકારોના નિરૂપણના અનુસંધાને સત્તામંડળો અને કાર્ય પધ્ધતિ

૬ (૧) ગ્રામ સભા પ્રાથમિક રીતે વ્યક્તિગત અને સામુહિક વન્ય અધિકારો અથવા બંને બાબતે વનમા રહેનાર અનુસૂચિત જનજાતિઓ અને બીજી પરંપરાગત રીતે વનમાં રહેનાર સંબંધે સ્થાનિક માર્યાદામાં આ અધિનિયમ અન્વયે હક્ક દાવા મેળવવા, એકત્રિકરણ કરવું અને તેની ખરાઇ કરશે અને આવા વિસ્તારોના નકશાઓ બનાવશે, આલેખન કરશે અને આવા દાવાની નિયત રીતે મળેલ અધિકારની રૂપે એવી રીતે ભલામણ કરશે કે જેથી આવા અધિકારો અંગે ગ્રામસભા ઠરાવ પસાર કરશે જેની નકલ પેટાવિભાગીય સ્તરની સમિતિ (સબ-ડીવીઝનલ લેવલ કમિટિ) ને મોકલશે.

(૨) ગ્રામ સભાએ કરેલ ઠરાવથી વ્યથિત (નારાજ) વ્યક્તિ પેટા વિભાગીય સ્તરની સમિતિ (સબ-ડીવીઝનલ કમિટિ) જે પેટા કલમ (૩) મુજબ રચવામાં આવેલ છે તેને અરજી કરી શકશે અને આ પેટાવિભાગીય સ્તરની સમિતિ આવી અરજીઓને ધ્યાનમાં લઇ નિકાલ કરશે.

સાથે જોગવાઇ એવી કરવામાં આવેલ છે કે ગ્રામસભાએ પસાર કરેલ ઠરાવના ૬૦ દિવસમાં આવી અરજી કરવાની રહેશે.

વધુમાં એવી જોગવાઇ કરવામાં આવેલ છે કે આવી અરજીનો નિકાલ વ્યથિત વ્યક્તિને પોતાની રજૂઆત કરવાની વાજબી તક આપ્યા વિના તેની વિરુધ્ધમાં કરી શકાશે નહિ.

(૩) રાજ્ય સરકાર પેટા વિભાગીય સ્તરની સમિતિની રચના કરશે. જે ગ્રામસભાએ ઠરાવ પસાર કરેલ છે તેને તપાસશે અને વન્ય અધિકારોનું દફતર (નોંધ) તૈયાર કરશે તેમજ પેટાવિભાગીય અધિકારી દ્વારા જિલ્લા સ્તરની સમિતિને અંતિમ નિર્ણય માટે મોકલશે.

(૪) પેટા વિભાગીય સ્તરની સમિતિના નિર્ણયથી નારાજ થયેલ વ્યક્તિ, ચુકાદાની તારીખથી ૬૦ દિવસમાં જિલ્લા સ્તરની સમિતિને અરજી કરી શકશે અને જિલ્લા સ્તરની સમિતિ આવી અરજીને ધ્યાનમાં લઇ નિકાલ કરશે.

જોગવાઇ એવી કરવામાં આવેલ છે કે જિલ્લા સ્તરની સમિતિને, ગ્રામ સભાના ઠરાવના વિરોધમાં સીધી અરજી કરવામાં આવશે તેને અગત્યતા (મહત્ત્વ) આપવામાં આવશે નહિ, સિવાય કે, આવી અરજી પેટા

વિભાગીય સ્તરની સમિતિને પહેલા કરવામાં આવેલ હોય અને તેની ધ્યાનામાં લેવામાં આવેલ હોય.

વધુમાં એવી જોગવાઇ કરવામાં આવેલ છે કે વ્યથિત પક્ષકારને તેની રજુઆત કરવાની વાજબી તક આપવા વિના તેની વિરુધ્ધમાં આવી અરજીને નિકાલ કરવામાં આવશે નહિ.

(૫) રાજ્ય સરકાર જિલ્લા સ્તરની સમિતિની રચના કરશે જે પેટા વિભાગીય સ્તરની સમિતિએ તૈયાર કરેલ વન અધિકારોની નોંધ (દફતર) ધ્યાનમાં લઇને અંતિમ માન્યતા આપશે.

(૬) જિલ્લા સ્તરની સમિતિનો નિર્ણય વન અધિકારોના નોંધ (દફતર) ના અનુસંધાને અંતિમ અને બંધનકર્તા રહેશે.

(૭) રાજ્ય સરકાર રાજ્ય સ્તરની નિયમન સમિતિની રચના કરશે જે માન્યતા અને વન અધિકારોના નિરૂપણની પ્રક્રિયાનું નિયમન કરશે અને જે નોડલ એજન્સીને આવી નોંધો અને અહેવાલો, *નોડલ એજન્સી* દ્વારા માંગવામાં આવશે ત્યારે રજૂ કરશે.

(૮) પેટા-વિભાગીય સ્તરની સમિતિ, જિલ્લા સ્તરની સમિતિ અને રાજ્ય સ્તરની નિયમન સમિતિમાં મહેસુલી વિભાગ રાજ્ય સરકાર વન અને અનુસુચિત જનજાતિને લગતી બાબતોનો અધિકારીઓ અને યોગ્ય સ્તરે ત્રણ (૩) પંચાયતી રાજ સંસ્થાના સભ્યો, પંચાયતી રાજ સંસ્થાઓ દ્વારા યથાસ્થાને નિમવામાં આવશે જેમાં બે અનુસુચિત જનજાતિના સભ્યો અને તેમાં એક મહિલા હશે તેમ ઠરાવવામાં આવેલ છે.

(૯) પેટા વિભાગીય સ્તરની સમિતી, જિલ્લા સ્તરની સમિતિ અને રાજ્ય સ્તરની નિયમન સમિતિનું ગઠન અને કાર્યો તેમજ તેમને અનુસરવાની કાર્યવિધિ, તેમના કાર્યો બજાવી શકે તેવી રીતે ઠરાવવામાં આવશે.

# પ્રકરણ - ૫

# ગુનાઓ અને સજાઓ

૭. જ્યારે કોઇ સત્તામંડળ અથવા સમિતિ અથવા અધિકારીઓ અથવા જે તે સત્તામંડળ અથવા સમિતિના સભ્યો આ અધિનિયમની કોઇપણ જોગવાઇઓ અથવા  તેના અનુસંધાને વન અધિકારોની માન્યતાને લગતા બનાવેલ નિયમોનો ભંગ કરશે ત્યારે આ અધિનિયમ અન્વયે કરેલ ગુના સબબ ગુનેગાર માનવામાં આવશે અને તેની વિરુધ્ધમાં કાર્યવાહી કરવામાં આવશે અને તે એક હજાર રૂપિયા સુધીનો દંડને પાત્ર રહેશે.

જોગવાઇ એવી કરવામાં આવેલ છે કે કોઇ સંત્તામંડળનો અથવા સમિતિનો સભ્ય અથવા વિભાગના વડા અથવા એવી કોઇપણ વ્યક્તિ કે જે આ કલમ અન્વયે સજા માટે જવાબદાર હોય તે જો એવુ પુરવાર કરે, આ ગુનો તેની જાણ બહાર બનેલ છે અથવા તેને આ ગુનો અટકાવવા માટે તમામ રીતે પૂરતી કાળજી લીધી હતી તો આ પેટા કલમ લાગુ પડશે નહિ.

૮. વનમાં વસવાટ કરનાર અનુસુચિત જનજાતીના સંબંધમાં ગ્રામસભાએ ઠરાવ કર્યો હોય તેની તકરાર હોય અથવા ગ્રામસભાએ ઉચ્ચ સત્તામંડળ વિરુધ્ધમાં ઠરાવ કરી નોટીસ આપી હોય તો જેના ૬૦ દિવસથી ઓછા નહિ તેટલા દિવસમાં રાજ્ય સ્તરની નિયમન સમિતિ,  અને ૬૦ દિવસથી ઓછા નહિ તેટલા દિવસની નોટીસ આપી હોય અને રાજ્ય સ્તરની સમિતિને આ સત્તામંડળ વિરુધ્ધ કોઇ કાર્યવાહી ન કરી હોય, તે સિવાય કલમ-૯ માં જણાવેલ ગુના સબબ કોઇ પણ કોર્ટે ન્યાયિક નોંધ લેશે નહિ.

# પ્રકરણ-૬

# પરચુરણ (અન્ય જોગવાઈઓ)

૯. પ્રકરણ-૪ માં જણાવેલ સત્તામંડળના દરેક સભ્ય અને બીજા દરેક અધિકારીઓ જેમને અધિકૃત કરેલ સત્તાનો ઉપયોગ કરનાર અથવા આ અધિનિયમો જે તે ભારતીય દંડ સંહિતાની કલમ ૨૧ મુજબ જાહેર સેવક ગણ્યા છે તેમ માનવામાં આવશે.

૧૦ (૧) મધ્યસ્થ સરકાર અથવા રાજ્ય સરકારના કોઈપણ કર્મચારી અથવા અધિકારીની વિરુધ્ધ શુભનિષ્ઠાથી તેણે આ કાયદાના અનુસંધાને કરેલ અથવા કરવા ધારેલ કોઈપણ કાર્ય બાબતે કોઈ દાવો, ફોજદારી કાર્યવાહી અથવા અન્ય કાયદેસરની કાર્યવાહી કરાશે નહિં.

(૨) મધ્યસ્થ સરકાર અથવા રાજ્ય સરકારના કોઈપણ કર્મચારી અથવા અધિકારીની વિરુધ્ધમાં તેણે શુભનિષ્ઠાની કરેલ અથવા આ કાયદાના અનુસંધાને કરવા ધારેલ કોઈ કામથી થયેલ નુકશાની બદલ અથવા નુકશાન થવાની શકયતા બાબતે કોઈ દાવો અથવા બીજી કાયદેસરની કાર્યવાહી કરાશે નહિ.

(૩) પ્રકરણ-૪ માં જેનો ઉલ્લેખ છે તેવા ચેરપર્સન, સભ્યો, સભ્ય સચિવ, અધિકારીઓ અને બીજા કર્મચારીઓએ આ અધિનિયમ અન્વયે શુભ નિષ્ઠાથી કરેલ અથવા કરવા ધારેલ કોઈપણ કાર્ય બાબતે કોઈ દાવો અથવા બીજી કાયદેસરની કાર્યવાહી કરાશે નહિં.

૧૧. મધ્યસ્થ સરકારનું જનજાતીને લગતી બાબતોનું મંત્રાલય અથવા કોઈ અધિકારી અથવા મધ્યસ્થ સરકાર દ્વારા તેના વતી માન્ય સત્તામંડળ તરીકે અધિકૃત નોડલ એજન્સી આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરાવશે.

૧૨. પ્રકરણ-૪ માં જેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તેવા સત્તામંડળો, આ અધિનિયમ મુજબની મળેલી સત્તાનો ઉપયોગ, મધ્યસ્થ સરકાર વખતો વખત સામાન્ય કે ખાસ દિશાસૂચનો આપે તે મુજબની શરતોને આધિન કરવાનો રહેશે.

૧૩. આ અધિનિયમમાં અન્ય રીતે જોગવાઈ ન હોય અને પંચાયત (અનુસુચિત વિસ્તારોનું વિસ્તરણ) અધિનિયમ, ૧૯૯૬ ની જોગવાઈઓ અને આ અધિનિયમ ઉપરાંત વખતો વખતના પ્રવર્તમાન કાયદાઓની જોગવાઈઓનો વિપરીત નહિ હોય.

૧૪ (૧) મધ્યસ્થ સરકાર જાહેરનામાં દ્વારા અગાઉનાં પ્રકાશનોના વિષય અને શરતોને આધિન આ અધિનિયમની જોગવાઇના અમલ માટે નિયમો બનાવશે.

(૨) સામાન્ય રીતે અને અગાઉ જણાવવામાં આવેલ છે તેનો પૂર્વગ્રહ રાખ્યા વિના, સામાન્ય રીતે નીચેની બાબતોની જોગવાઇ નિયમોમાં કરવામાં આવશે જેમાં,

(એ) કલમ-૬ માં જણાવેલ કાર્યવાહીઓના અમલ માટે વિગતવાર કાર્યરીતી;

(બી) હક્ક દાવાઓ, સ્વિકારવાની રીત, એકત્રિકરણ અને ખરાઇ કરવા અને આવા દાવા અન્વયે કલમ ૬ ની પેટાકલમ (૧) મુજબ વન અધિકારોની ભલામણ માટે નકશાઓ દ્વારા વર્ણન કરવું અને પેટા કલમ (૨) મુજબ પેટા વિભાગીય સમિતિને અરજી કરવાની રીત;

(સી) કલમ-૬ ની પેટાકલમ (૮) મુજબ પેટા-વિભાગીય સ્તર સમિતિ, જિલ્લા સ્તરની સમિતિ અને રાજ્ય સ્તરની નિયમન સમિતિ માં સભ્યોની નિમણૂંક બાબતે મહેસુલ, વન અને જનજાતિના રાજ્ય સરકારના વિભાગના અધિકારીઓની કક્ષા (સ્તર);

(ડી) કલમ-૬ ની પેટાકલમ (૯) મુજબ પેટા વિભાગીય સ્તર સમિતિ, જિલ્લા સ્તરની સમિતિ અને રાજ્ય સ્તરની નિયમન સમિતિનું ગઠન અને કાર્યો તેમજ તેમના કાર્યો કરવાની રીત;

(ઇ) અન્ય કોઇપણ કે જે જરૂરી છે અથવા નિયત કરવાનું જરૂરી લાગે તેવી બાબતો.

(એફ) આ અધિનિયમ અન્વયે બનાવવામાં આવેલ દરેક નિયમો, તે બન્યા પછી તરત જ, સંસદના દરેક ગૃહમાં કે જેમાં એક બેઠકનો સમયગાળો ૩૦ દિવસનો હશે અથવા બે અથવા પછીની બેઠકોમાં રજૂ કરવામાં આવશે. અને જો બેઠક પૂર્ણ થાય તે પહેલા તરત જ અથવા ત્યાર પછીની બેઠકો, એને ગૃહો નિયમમાં સુધારો / ફેરફાર કરવા સંમત થાય અથવા બંને ગૃહો નિયમો ન બનાવવા સંમત થાય અને નિયમોમાં ત્યાર પછી કરવામાં આવેલ ફેરફાર અથવા તેમ ન કરવાનું હોય તેની અસર, જે હોય તે, ગમે તે રીતે આવો ફેરફાર અથવા રદ્દીકરણ કોઇપણ જાતના પૂર્વગ્રહ વિના નિયમો પહેલા જે કોઇ કાર્ય હશે તેની વૈધાનિકતાને અસર કરશે નહિં.

## ભારત સરકાર
## અનુસૂચિત જનજાતિને લગતી બાબતોનું મંત્રાલય
## નવી દિલ્હી.

**૧ જાન્યુઆરી, ૨૦૦૮**

## જાહેરનામું

જી. એસ.આર.___________ (ઈ) જ્યારે સૂચિત, અનુસૂચિત જનજાતીઓ અને બીજા પરંપરાગત જંગલમાં રહેનાર (વન અધિકારીની માન્યતા) નિયમો, ૨૦૦૭નો મુસદો, અનુસૂચિત જનજાતીઓ અને બીજા પરંપરાગત જંગમાં રહેનાર (વન અધિકારોની માન્યતા) અધિનિયમ, ૨૦૦૬ની કલમ ૧૪ ની પેટાકલમ (૧) ની જોગવાઈ મુજબ પ્રકાશીત કરવામાં આવેલ જે ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ટ્રાયબલ એફર્સ નં : જી.એસ. આર. ૪૩૭ (ઈ) તા. ૧૯ મી જુન, ૨૦૦૭ના ભારતના રાજપત્ર, ભાગ - ૨ ની કલમ - ૩ ની પેટા કલમ (૧) દ્વારા તે જ તારીખે સંભવિત અસરગ્રસ્ત વ્યક્તિઓ પાસેથી આ જાહેરનામાવાળું રાજપત્રની નકલો (પ્રતો) જાહેર જનતાને ઉપલબ્ધ થાય તેના ૪૫ દિવસ સમાપ્ત થાય તે પહેલા વાંધાઓ અને સૂચનો આવકાર્યા હતા. અને જ્યારે આ રાજપત્રની નકલો ૨૫-૬-૨૦૦૭ થી લોકોને ઉપલબ્ધ થઈ હતી અને જ્યારે વાંધાઓ અને સૂચનો જાહેર જનતા પાસેથી સ્વિકાર્યા પછી આ સૂચિત નિયમોને મધ્યસ્થ સરકારે ધ્યાનમાં લીધેલા છે.

તેથી હવે અનુસૂચિત જનજાતીઓ અને પરંપરાગત જંગલમાં રહેનાર (વન અધિકારોની માન્યતા) અધિનિયમ, ૨૦૦૬ (૨૦૦૭નો ૨) ની કલમ, ૧૪ ની પેટા કલમો (૧) અને (૨) અન્વયે, મધ્યસ્થ સરકારને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને, અનુસૂચિત જનજાતીઓ અને બીજા પરંપરાગત આવા જંગલમાં રહેનારના વન અધિકારો અને વન જમીન પર કબજાના અધિકારોનું નિરૂપણ અને માન્યતા અર્થે નીચે મુજબના નિયમો બનાવેલ છે.

જેમાં :-

### ૧. ટૂંકું શિર્ષક, વિસ્તાર અને શરૂઆત.

(૧) આ નિયમો અનુસૂચિત જનજાતીઓ અને બીજા પરંપરાગત જંગલમાં રહેનાર (વન અધિકારીઓની માન્યતા) તરીકે ઓળખાશે.

(૨) જમ્મુ અને કાશ્મિર રાજ્ય સિવાય સમગ્ર ભારતમાં લાગુ પડશે.

(૩) રાજપત્રમાં જાહેર થયેલ તારીખથી અમલમાં આવશે.

**૨. વ્યાખ્યાઓ (૧) આ નિયમોમાં વિપરીત ન જણાવેલ ત્યાં,**

(એ) ''એક્ટ'' (અધિનિયમ) એટલે અનુસૂચિત જનજાતીઓ અને બીજા પરંપરાગત જંગલમાં રહેનાર (વન અધિકારોની માન્યતા) અધિનિયમ, ૨૦૦૬ (૨૦૦૭ નો ૨)

(બી) ''જીવનનિર્વાહની યોગ્ય જરૂરિયાતો'' એટલે પોતાની અને પોતાના કુટુંબની જરૂરિયાતો પૂરી કરવા માટે અધિનિયમની કલમની પેટાકલમ (૧) ની જોગવાઈ (એ), (બી) અને (સી)માં જણાવ્યા મુજબ વન્ય જમીન જાતે ખેડવાથી ઉત્પન્ન થયેલ પેદાશનું વેચાણ અથવા ઉત્પાદન.

(સી) ''કલેમન્ટ'' (દાવેદાર) એટલે વ્યક્તિગત, વ્યક્તિઓના સમૂહો કુટુંબ અથવા સમાજ દ્વારા અધિનિયમમાં જણાવ્યા મુજબના માન્ય અને નિરૂપીત અધિકારોનો હક્ક-દાવો કરનાર

(ડી) ''ગૌણ વન્ય પેદાશનો નિકાલ'' એટલે કલમ - ૩ની પેટાકલમ (૧) ની જોગવાઈ (સી), જેમાં, સ્થાનિક કક્ષાની પ્રક્રિયા, મુલ્યવૃદ્ધિ, માથે ઉપાડીને અથવા સાયકલ દ્વારા જંગલ વિસ્તારોમાં હેરફેર અને હસ્તકલાનો ઉપયોગ, આવું ઉત્પાદન અથવા વેચાણ, ભેગા થયેલા અથવા સમાજ દ્વારા જીવનનિર્વાહ માટેનો સમાવેશ થાય છે.

(ઈ) ''વન અધિકારોની સમિતિ'' એટલે નિયમ - ૩ મુજબ ગ્રામ સભા દ્વારા રચવામાં આવેલ સમિતિ.

(એફ) ''સેકશન'' એટલે અધિનિયમની કલમ

(૨) આ નિયમોમાં જે શબ્દો અને રજૂઆતો થઈ હોય અને જેની વ્યાખ્યા આપવામાં ન આવી હોય, પણ અધિનિયમમાં વ્યાખ્યા કરવામાં આવેલી હશે તે મુજબ તેનું યથાનુક્રમે અધિનિયમ મુજબ અર્થઘટન કરવાનું રહેશે.

**૩. ગ્રામ સભા :** (૧) ગ્રામ સભા, ગ્રામ પંચાયત દ્વારા બોલાવવામાં આવશે અને તેની પ્રથમ સભામાં ઉપસ્થિત સભ્યોમાંથી ૧૦ થી ઓછા નહિ અને ૧૫ થી વધુ નહી તેટલા સભ્યોને અધિકાર સમિતિ માટે ચૂંટશે. જેમાં ઓછામાં ઓછા ૧/૩ (એક તૃતિયાંસ) સભ્યો અનુસૂચિત જનજાતીના હશે.

સાથે જોગવાઈ એવી કરવામાં આવી છે કે ૧/૩ (એક તૃતિયાંસ) થી ઓછા મહિલા સભ્યો નહિ હોય.

વધુમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે જયાં અનુસૂચિત જનજાતી ન હોય ત્યાં, આવા ૧/૩ (એક તૃતિયાંસ) સભ્યો તરીકે મહિલાઓ હશે

(૨) વન અધિકારોની સમિતિ અધ્યક્ષ (ચેરપર્સન) અને સેક્રેટરી (સચિવ) નક્કિ કરીને, પેટા વિભાગીય સ્તરની સમિતિને (સબ ડીવીઝનલ લેવલ કમિટિ) તેની જાણ કરશે.

જ્યારે વન અધિકારોની સમિતિનો સભ્ય વ્યક્તિગત રીતે તેના વન અધિકારો અંગે સમિતિને જણાવશે (માંગણી કરશે) ત્યારે તેના આ દાવાના નિર્ધારણ માટે ખરાઈની પ્રક્રિયામાં તે ભાગ લઈ શકશે નહિ.

**૪. ગ્રામ સભાની કાર્યરીતિ (૧) ગ્રામ સભા**

(એ) વન અધિકારોના સંદર્ભ મળેલી રજૂઆતોના સંદર્ભે દાવેદારને તે અનુસંધાને સાંભળશે અને, વિસ્તાર અને પ્રકૃતિ નિયત કરવા માટેની કાર્યવાહિ શરૂ શકશે.

(બી) મધ્યસ્થ સરકારના આદેશ અનુસાર વન અધિકારોના દાવેદારોની યાદી બનાવશે અને આવી બાબતોની પત્રક (રજીસ્ટર)માં જાણવણી કરશે જેમાં દાવેદારોની વિગત અને તેનો હક્ક-દાવા સંબંધિત વિગતો.

(સી) વન અધિકારોના હક્ક-દાવા સબંધે રસધરાવનાર વ્યક્તિઓ અને સબંધિત સત્તા મંડળોને વાજબી તક આપ્યા પછી, ઠરાવ કરશે અને જે પેટા વિભાગીય સ્તરની સમિતિને મોકલાવશે.

(ડી) કલમ ૪ ની પેટાકલમ (૨) ની જોગવાઈ (ઈ) મુજબ પુનઃવ્યવસ્થાની યોજનાને ધ્યાનમાં રાખીને યોગ્ય ઠરાવ કરશે, અને

(ઈ) કલમ - ૫ની જોગવાઈઓના અમલ સારુ સભ્યોમાંથી વન્યજીવો, જંગલ અને જૈવિક વૈવિધ્યતાની સુરક્ષા માટે સમિતિઓની રચના કરશે.

(૨) ગ્રામ સભાની બેઠક માટે, ગ્રામસભાના તમામ સભ્યોના ૨/૩ (બે તૃતીયાંસ) સભ્યોથી ઓછી નહિ તેટલી કાર્યસાધક સંખ્યા રહેશે.

જોગવાઈ એવી કરવામાં આવી છે કે, અનુસૂચિત જનજાતિઓ, કોઈ ગામની બીન અનુસૂચિત જનજાતીઓ, અનુસૂચિત જાતીના સભ્યો, આદિજાતીઓના સમુહો (પ્રીમીટીવ ટ્રાયબલ ગ્રૃપસ - (પીટીજી'સ) અને આધુનિક ખેતી વ્યવસ્થા પૂર્વે ખેતી કરનાર સમાજ પ્રી-એગ્રીકલ્ચરલ કોમ્યુનિટીની વસતિ હશે તેનું પૂર્ણ રીતે પ્રતિનિધિત્વ જોવા મળે.

(૩) રાજ્યના સત્તા મંડળો દ્વારા ગ્રામસભાને જરૂરી સહાય પૂરી પાડવાની રહેશે.

**૫. પેટા વિભાગીય સ્તર સમિતિ :** રાજ્ય સરકાર પેટા વિભાગીય સ્તર સમિતિની રચના કરશે જેમાં નિચે મુજબના સભ્યો હશે જેવા કે :-

(એ) પેટા વિભાગીય અધિકારી અથવા સમકક્ષ અધિકારી અધ્યક્ષ (ચેરમેન)

(બી) વન અધિકારી (ફોરેસ્ટ ઓફિસર) પેટા વિભાગીય અથવા સમકક્ષના હવાલો સંભાળનાર અધિકારી - સભ્ય.

(સી) વિભાગ (બ્લોક) અથવા તાલુકા સ્તરની પંચાયતના ત્રણ સભ્યો.

જે જિલ્લાપંચાયત દ્વારા નિયુક્ત કરવામાં આવશે જેમાં ઓછામાં ઓછા બે અનુસૂચિત જનજાતીના હશે કે જો તેઓ વનમાં વસવાટ કરતા હશે તો તેઓને પસંદ કરવામાં આવશે, અથવા જ્યાં અનુસૂચિત જનજાતી નહિ હોય ત્યાં આદિજાતિના સમુહોમાંથી પસંદ કરવામાં આવશે, બે સભ્યો અન્ય પરંપરાગત રીતે વનમાં વસવાટ કરનારને અને એક મહિલા સભ્ય હશે ; અથવા સંવિધાનના છઠ્ઠા પરિશિષ્ટમાં જે વિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ છે તેવા સ્વાયત્ત જિલ્લા પરિષદ અથવા બીજા યોગ્ય વિભાગ સ્તરમાંથી ત્રણ સભ્યોને નિયુક્ત કરવામાં આવશે જેમાં ઓછામાં એક મહિલા સભ્ય હશે; અને

(ડી) અનુસૂચિત જાતી કલ્યાણ વિભાગના પેટા વિભાગનો હવાલો ધરાવનાર અધિકારી અથવા જ્યાં આવા અધિકારી ઉપલબ્ધ ન હોય ત્યાં હવાલો ધરાવનાર અધિકારી.

૬. **પેટા વિભાગીય સ્તર સમિતિના કાર્યો :** પેટા વિભાગીય સ્તર (એસ ડી એલ સી)

(એ) દરેક ગ્રામ સભાને તેની ફરજો અને વન અધિકારો ગ્રહિતરની ફરજો અને વન્યજીવના રક્ષણ, જંગલ અને જૈવિક વૈવિધ્યતાના અનુસંધાને વનસ્પતિ અને પ્રાણીઓના અનુસંધાને તેમના ઉપયોગ અને સાચવણી બાબતે માહિતી પુરી પાડશે.

(બી) ગ્રામ સભા અથવા વન અધિકાર સમિતિ (ફોરેસ્ટ રાઈટ્સ કમિશન)ની મતયાદી અને વન અને મહેસુલી નકશાઓ પૂરા પાડશે.

(સી) ગ્રામ સભાના તમામ ઠરાવો ભેગા કરશે.

(ઈ) ગ્રામ સભા દ્વારા નકશાઓ અને ઠરાવોને હક્ક-દાવાઓ ની ખરાઈ કરવા ચકાસણી કરશે.

(એફ) કોઈપણ વન અધિકારની પ્રકૃતિ તથા વિસ્તરણ બાબતે ગ્રામ સભા સાથેની તકરારોની સુનાવણી કરશે અને નિકાલ લાવશે.

(જી) ગ્રામસભાના ઠરાવથી વ્યથિત પક્ષકાર, રાજ્યની એજન્સીઓ અને વ્યક્તિઓની રજૂઆતો સાંભળશે

(એચ) બીજી પેટા વિભાગીય સ્તર સમિતિનું આંતર પેટાવિભાગીય હક્ક-દાવા માટે સંકલન કરશે.

(આઈ) સરકારી દફતર સાથે સુમેળ (મનમેળ) કર્યા પછી બ્લોક અથવા તાલુકા દિઠ સૂચીત વન અધિકારોનો મુસદ્દો તૈયાર કરશે.

(જે) સૂચિત વન અધિકારોને મુસદ્દો અને હક્ક-દાવાઓ પેટા વિભાગીય અધિકારી દ્વારા જિલ્લા સ્તર સમિતિને અંતિમ નિર્ણય માટે મોકલાવશે.

(કે) વનમાં વસવાટ કરનારમાં આ અધિનિયમ અને નિયમોના નિર્ધારિત કરેલ ઉદ્દેશો અને કાર્યવાહિ

અંગે જાગૃતતામાં વધારો કરશે.

(એલ) આ નિયમના પરિશિષ્ટ-૧ (નમૂનો - એ અને બી) માં જણાવ્યા મુજબ દાવાદારને અને દાવા-હક્ક માટેના નમૂના મફત અને સરળતાથી ઉપલબ્ધ થાય તેની ખાત્રી રાખશે

(એમ) જરૂરી કાર્યસાધક સભ્યસંખ્યા સાથે ગ્રામ સભાની બેઠકો મુક્ત રીતે, ખુલ્લાપણા અને વાજબી રીતે સંચાલન કરવામાં આવે તેની ખાત્રી રાખશે.

**૭. જિલ્લા સ્તર સમિતિ :** રાજ્ય સરકાર, જિલ્લા સ્તર સમિતિ (ડીએલસી) ની રચના કરશે જેમાં નીચે મુજબના સભ્યો હશે, જેવા કે :-

(એ) જિલ્લાના વડા (કલેક્ટર) અથવા નાયબ આયુક્ત - ચેરપર્સન (અધ્યક્ષ)

(બી) સબંધિત વિભાગીય વન અધિકારી અથવા સંબંધિત નાયબ વન સંરક્ષક- સભ્ય

(સી) વિભાગ (બ્લોક) અથવા જીલ્લા પંચાયત સ્તરની પંચાયતના ત્રણ સભ્યો.

જે જિલ્લાપંચાયત દ્વારા નિયુક્ત કરવામાં આવશે જેમાં ઓછામાં ઓછા બે અનુસૂચિત જનજાતીના હશે કે જો તેઓ વનમાં વસવાટ કરતા હશે તો તેઓને પસંદ કરવામાં આવશે, અથવા જ્યાં અનુસૂચિત જનજાતી નહિ હોય ત્યાં આદિજાતિના સમુહોમાંથી પસંદ કરવામાં આવશે, બે સભ્યો અન્ય પરંપરાગત રીતે વનમાં વસવાટ કરનારને અને એક મહિલા સભ્ય હશે ; અથવા સંવિધાનના છટ્ઠા પરિશિષ્ટમાં જે વિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ છે તેવા સ્વાયત્ત જિલ્લા પરિષદ અથવા બીજા યોગ્ય વિભાગ સ્તરમાંથી ત્રણ સભ્યોને નિયુક્ત કરવામાં આવશે જેમાં ઓછામાં એક મહિલા સભ્ય હશે સભ્યોને નિયુક્ત કરવામાં આવશે જેમાં ઓછામાં એક મહિલા સભ્ય હશે; અને

(ડી) અનુસૂચિત જાતી કલ્યાણ વિભાગના જિલ્લા વિભાગનો હવાલો ધરાવનાર અધિકારી અથવા જ્યાં આવા અધિકારી ઉપલબ્ધ ન હોય ત્યાં હવાલો ધરાવનાર અધિકારી.

**૮. જિલ્લા સ્તર સમિતિનું કાર્ય :** જિલ્લા સ્તર સમિતિ નિયમ ૬ ની જોગવાઇ (બી) મુજબની જરુરી માહિતી ગ્રામ સભા અથવા વન અધિકાર સમિતિને પુરી પાડવામાં આવે તેની ખાતરી રાખશે.

(બી) આ અધિનિયમના ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને તમામ હક્ક-દાવા જેમાં આદિજાતિસમુહો, ગ્રામ્યજીવન અને ભટકતી જાતીઓના મુખ્યત્વે તપાસશે;

(સી) પેટા વિભાગીય સ્તરની સમિતિએ તૈયાર કરેલ વન અધિકારોના દફતર (નોંધ) ને ધ્યાનમાં લઇ હક્ક-દાવાને અંતિમ માન્યતા આપશે;

(ડી) પેટા વિભાગીય સ્તરની સમિતિના આદેશથી નારાજ વ્યક્તિઓની અરજીઓ સાંભળશે.

(ઇ) આંતર જિલ્લા હક્ક દાવાઓ અનુસંધાને બીજા જિલ્લાઓનું સાથે સંકલન કરશે;

(એફ) વન અધિકારોને સંબંધિત સરકારી દફતરોમાં નિયંત્રિત કરવા માટે જરૂરી દિશાસૂચનો જારી કરશે જેમાં અધિકારોની નોંધણીનો પણ સમાવેશ થાય છે;

(જી) વન અધિકારોની નોંધો (દફતર) તૈયાર થયા પછી પ્રકાશિત થાય તેની ખાતરી રાખશે; અને

(એચ) આ અધિનિયમ અન્વયે વન અધિકારોના દફતરની પ્રમાણિત નોંધ અને તેના હક્ક કે જે આ નિયમ અન્વયે પરિશિષ્ટ બે અને ત્રણમાં મૂકરર કરેલ છે તે સંબંધિત દાવેદાર/ હક્કદાર અને ગ્રામસભાને યથાનુક્રમે આપવાની ખાતરી રાખશે.

૯. **રાજ્ય સ્તર નિયતંત્ર સમિતિ :** રાજ્ય સરકાર, રાજ્ય સ્તરે નિયતંત્ર સમિતની રચના કરશે જેમાં નીચે મુજબના સભ્યો હશે, જેવા કે :

(એ) મુખ્ય સચિવ - અધ્યક્ષ

(બી) સચિવ, મહેસુલ વિભાગ - સભ્ય

(સી) સચિવ, આદિજાતી અથવા સમાજ કલ્યાણ વિભાગ - સભ્ય

(ડી) સચિવ, વન વિભાગ - સભ્ય

(ઇ) સચિવ, પંચાયતી રાજ, સભ્ય

(એફ) મુખ્ય વન સંરક્ષક - સભ્ય

(જી) આદિજાતી સલાહકાર પરિષદમાંથી ત્રણ અનુસુચિત જનજાતીના સભ્યો કે જે આદિજાતી સલાહકાર પરિષદના અધ્યક્ષ દ્વારા નિયુક્ત કરવામાં આવશે અને જયાં આદિજાતી સલાહકાર પરિષદ નહિ હોય ત્યાં, ત્રણ અનુસુચિત આદિજાતીના સભ્યો રાજ્ય સરકાર નિયુક્ત કરશે.

(એચ) આયુક્ત, આદિજાતી કલ્યાણ અથવા તેના સમકક્ષ પર ધરાવનાર- સભ્ય સચિવ

૧૦. **રાજ્ય સ્તર નિયંત્રણ સમિતિના કાર્યો :** રાજ્ય સ્તરની નિયંત્રણ સમિતિ

(એ) વન અધિકારીના નિયંત્રણ માટે અને માન્યતા માટેની ધોરણો અને માપદંડ (માનાંકો) નિયત કરશે.

(બી) માન્યતાનું નિયંત્રણ કરશે, તપાસ કરશે અને રાજ્યમાં વન અધિકારોનું નિરૂપણ કરશે.

(સી) માન્યતાની પ્રક્રિયાનો અહેવાલ છ મહિને રજૂ કરશે, તપાસ અને વન અધિકારોની નિરૂપણ અને નોડલ એજન્સી દ્વારા માંગવામાં આવેલ આવા પત્રકો અને અહેવાલો નોડલ એજન્સીને રજૂ કરશે.

(ડી) આ અધિનિયમની કલમ-૮ નીચે નોટીસ મલ્યા પછી સંબંધિત સત્તામંડળોની વિરુદ્ધમાં યોગ્ય કાર્યવાહી કરશે.

(ઇ) અધિનિયમની કલમ-૪ ની પેટાકલમ (૨) મુજબ પુનઃવ્યવસ્થાનું નિયંત્રણ કરશે.

**૧૧. ગ્રામસભા દ્વારા હક્ક દાવાઓની નોંધણી, નિર્ધારણ અને તપાસની કાર્યવાહી :** (૧) ગ્રામસભાઓ

(એ) આ નિયમ અન્વયે નમૂનાના પરિશિષ્ટ-૧ માં દાવાઓને સ્વિકારશે અને વન અધિકાર સમિતિને તે સ્વિકારવા અધિકૃત કરશે અને આવા હક્ક-દાવા મલ્યા પછી નિયમ ૧૩ માં જણાવ્યા મુજબ ઓછામાં ઓછા બે પુરાવાઓ સાથે બોલાવી ત્રણ માસમાં નિયત કરશે.

જોગવાઇ એવી કરવામાં આવેલ છે કે જો ગ્રામ સભાને એવુ જરૂરી લાગે તો તેના કારણોની લેખિતમાં નોંધ કરી ત્રણ માસ પછી સમય વધારી શકે છે.

(બી) સામુહિક સંશાધન (સ્ત્રોત) નિયત કરવાની કાર્યવાહિ શરૂ કરવાની તારીખ મૂકરર કરશે અને જ્યાં પેટાવિભાગીય સ્તર સમિતિ અને બાજુની ગ્રામસભાઓ વચ્ચે મુખ્ય બાબતે, એકબીજાના અરસ્પર વિરોધી સમાન હક્ક હોવાની જાણ (ઓવરલેપ) કરતી હોય ત્યાં જાણ કરશે.

(૨) વન અધિકાર સમિતિ ગ્રામ સભાના કાર્યમાં સહાયરૂપ બનશે

(૧) હક્ક-દાવાઓને સ્વિકારશે, પહોંચ આપશે અને હક્ક-દાવાઓ તેમજ આવા દાવાઓના પુરાવાના આધારોને નિયત નમૂનામાં રાખશે.

(૨) હક્ક-દાવાઓ અને નકશા સહિત પુરાવાઓનું દફતર બનાવશે.

(૩) વન અધિકારોની દાવેદારોની યાદી બનાવશે

(૪) આ નિયમ અન્વયે હક્ક-દાવાઓની તપાસણી કરશે.

(૫) હક્ક-દાવાઓની પ્રકૃતિ અને વિસ્તરણ બાબતનું તથ્ય, ગ્રામસભા સમક્ષ તેના ધ્યાનમાં લાવવા રજુઆત કરશે.

(૩) વન અધિકાર સમિતિ દરેક હક્કદાવાઓને સ્વિકૃતિ કરી તેની લેખિતમાં પહોંચ આપશે.

(૪) આ નિયમના નમૂના બી માં જણાવ્યા મુજબ પરિશિષ્ટ-૧ અન્વયે ગ્રામ સભા વતી સામુહિક વન અધિકારોનો હક્ક/દાવો તૈયાર કરશે.

ગ્રામસભા પેટાનિયમ-૨ ની જોગવાઇના તારણ મળ્યા પછી, અગાઉથી જાણ કરીને મળશે વન અધિકાર સમિતિના તારણોનો વિચાર કરશે અને તે પેટા વિભાગીય સ્તર સમિતિને મોકલાવશે.

(૬) ગ્રામ પંચાયતના સચિવ, ગ્રામ સભાના સચિવ તરીકેનુ કાર્ય કરશે.

## ૧૨. વન અધિકાર સમિતિ દ્વારા હક્ક દાવા ચકાસણી / તપાસણીની પ્રક્રિયા

(૧) વન અધિકાર સમિતિ સંબંધિત દાવેદાર અને વન વિભાગને યોગ્ય સમયમાં જાણ કરીને.

(એ) સ્થળ ઉપર મુલાકાત લેશે અને દાવાની પ્રકૃતિ અને વિસ્તાર અંગે ભૌતિક સ્વરૂપે સ્થળ ઉપર પુરાવાઓની તપાસ કરશે.

(બી) અન્ય આગળ ઉપર પુરાવા સ્વિકારશે અથવા દાવેદાર અને સાક્ષીઓની તરફથી મળ્યેથી નોંધ કરશે.

(સી) ભટકતી જાતિઓ અને પશુધન ચરાવનાર (પેસ્ટોરાલીસ્ટ) દ્વારા થયેલ હક્કદાવાઓને, કે જે તેઓનો વ્યક્તિગત સભ્યોએ, સામુહિક અથવા પરંપરાગત સામાજિક સંસ્થા દ્વારા રજૂ કરેલ છે તેની ચકાસણી જ્યારે તેઓ વ્યક્તિગત, સામાજિક અથવા તેમના પ્રતિનિધિઓની હાજરીમાં થાય તેની ખાતરી રાખશે.

(ડી) આદિજાતીના સમુહો અથવા આધુનિક ખેતી વ્યવસ્થા પૂર્વે ખેતી કરનાર સમાજ (પ્રિ એગ્રીકલ્ચરલ) ના સભ્યો દ્વારા તેમના વસવાટના અધિકારોની દાવાઓ, તેમના સમાજ અથવા પરંપરાગત સામાજિક સંસ્થા- દ્વારા રજૂ કરવામાં આવેલ હોય તેની ચકાસણી આવા સમાજો અથવા તેમના પ્રતિનિધિઓની હાજરીમાં થાય તેની ખાતરી રાખશે.

(ઇ) દરેક હક્કદાવાના વિસ્તારોને ઓળખી શકાય તેવા ચિહ્નો દ્વારા નકશામાં આલેખન કરી તૈયાર કરશે.

(૨) વન અધિકાર સમિતિ આવા હક્કદાવાઓના તારણોની નોંધ કરશે અને તેને ગ્રામસભા સમક્ષ વિચારણા અર્થે રજૂ કરશે.

(૩) પરંપરાગત અથવા બીજા ગામની રૂઢિગત સીમા બાબતે હક્ક-દાવાઓમાં તકરાર હોય અથવા એક વન વિસ્તાર એક કરતા વધુ ગ્રામ સભાએ દર્શાવ્યો હોય, ત્યારે વન અધિકાર સમિતિ સબંધીત ગ્રામસભાઓ સાથે સંયુક્ત બેઠક ગોઠવશે અને આવા હક્ક-દાવાઓની/ભોગવટાની પ્રકૃતિ સંબંધે તારણો જે તે ગ્રામ સભાને લેખિતમાં આપશે.

જોગવાઇ એવી કરવામાં આવેલ છે કે જે ગ્રામ સભા આવા પરસ્પર દાવાનું નિરાકરણ કરવા અસક્ષમ હોય ત્યારે તે ગ્રામ સભા પેટા-વિભાગીય સ્તર સમિતિને તેના ઠરાવ અર્થે મોકલશે.

(૪) ગ્રામ સભા અથવા વન અધિકાર સમિતિ લેખિતમાં માંગણી કરતાં, માહિતી, દફતર અથવા દસ્તાવેજો, સંબંધિત સત્તામંડળો તેની પ્રમાણિત નકલ, ગ્રામ સભા અથવા વન અધિકાર સમિતિ જે હોય તેને આપશે અને જો જરૂરીયાત હશે તો તેના સત્તાધિકૃત અધિકારી દ્વારા ખુલાશા કરી મદદરૂપ થશે.

**૧૩. વન અધિકારો નિર્ધારણ કરવાના પુરાવા** : (૧) વન અધિકારોનું નિરૂપણ અને તેની માન્યતા માટેના પુરાવા તરીકે

(એ) જાહેર દસ્તાવેજો, સરકારી દફતરો જેવા કે રાજપત્ર, વસ્તીગણતરી, મોજણી અને ગોઠવણીના અહેવાલો, નકશાઓ, ઉપગ્રહની મદદથી લીધેલી તસ્વીરો, પ્રવર્તમાન યોજનાઓ, વહિવટી યોજનાઓ, નાની યોજનાઓ, વન તપાસ અહેવાલો, બીજા વન દફતરો, અધિકાર સંબંધિત દફતર જે ગમે તે નામથી ઓળખાતા હોય, પતાસ અથવા ભાડેપટે, સરકાર દ્વારા રચવામાં આવેલ પંચો અને સમિતિઓના અહેવાલો, સરકારી આદેશો, જાહેરનામાઓ, પરિપત્રો, ઠરાવો,

(બી) સરકાર માન્ય દસ્તાવેજો, જેવા કે મતદાર ઓળખપત્ર, રેશનકાર્ડ, પાસપોર્ટ, મકાનવેરાની પહોંચ, સ્થાઇ નિવાસનું પ્રમાણપત્ર (ડોમીસાઇલ સર્ટીફીકેટ)

(સી) ભૌતિક બાબતો જેવી કે મકાન, ઝૂંપડી અને જમીનને સમતલ કરીને સુધારેલ જમીન, ઓવારો, પાળાઓ (ચેકડેમ) અને તેના જેવી બાબતો.

(ડી) અર્ધ-ન્યાયિક અને ન્યાયિક દફતરો જેમાં અદાલતના આદેશો અને ચુકાદાઓ,

(ઇ) સંશોધન અભ્યાસો, ઋઢિગત કાયદા અન્વયે વન અધિકારો દર્શાવતી ઋઢીઓ અને પરંપરાઓના ચિત્રણના લેખિત આધારોનું માન્ય સંસ્થાઓ જેવી કે નૃવંશશાસ્ત્રીય ભારત મોજણી (એન્થ્રોપોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા) દ્વારા થયેલ સંશોધન અભ્યાસો

(એફ) પહેલાના રાજ્યો અથવા પ્રાંતો અથવા આવા બીજી વ્યવસ્થાઓના એવા દફતરો કે જેમાં નકશાઓ, અધિકારોના દફતર, વિશેષાધિકારો, રાહતો, તરફેણો

(જી) પરંપરાગત માળખાઓ જેમાં પુરાતત્ત્વ સ્થાપિત થતું હોય, જેવા કે કુવાઓ, સ્માશાનના મેદાનો, પવિત્ર સ્થળો

(એચ) વંશાવલી દ્વારા, પૂર્વજોથી વ્યક્તિગત રીતે જમીન દફતરોમાં જેની નોંધ હોય તે અથવા અગાઉના સમયમાં આ ગામનો કાયદેસરનો રહેવાશી હતો તેવું પ્રતિપાદીત થતું હોય.

(આઇ) દાવેદાર સિવાયના બીજા વડીલોએ કરેલ ગોઠવણીઓ, લખાણમાં ઘટાડયું હોય, નો સમાવેશ થાય છે.

(૨) સામુહિક વન અધિકારોના પુરાવા એટલે કે, જેમાં :-

(એ) સામુહિક અધિકારો જેવા કે નિસ્તર કે ગમે તે નામથી ઓળખાતા હોય;

(બી) પરંપરાગત રીતે ઘાસીયા મેદાનો, મૂળ અને મૂળમાં થતી ગાંઠો, ઘાસચારો, જંગલી ખાદ્ય ફળો અને બીજી ગૌણ વન્ય પેદાશ, માછીમારીના મેદાનો, સિંચાઇ પદ્ધતિ, માણસો અથવા પશુધન માટે પાણીના સ્ત્રોત, જડી બુટ્ટીઓથી કાર્ય કરનાર માટે વૈદકિય છોડવાઓને ભેગા કરવાનો વિસ્તાર;

(સી) સ્થાનિક સમાજો દ્વારા બાંધેલ માળખાનો બચેલો ભાગ, પવિત્ર વૃક્ષો, ઉપવનો અને તળાવો અથવા નદીના પ્રવાહનો (પાણી વાપરવાનો) વિસ્તાર, સમાધિ અથવા અંતિમ સંસ્કારની જગ્યાઓ;

(૩) ગ્રામસભા,પેટા-વિભાગીય સ્તર સમિતિ અને જિલ્લા સ્તર સમિતિ, વન અધિકારો, નિર્ધારણ કરવા માટે ઉપર જણાવેલમાંથી એક થી વધુ પુરાવાઓને ધ્યાનમાં લેશે.

**૧૪. પેટા-વિભાગીય સ્તર સમિતિને અરજી :** (૧) ગ્રામ સભાના ઠરાવથી નારાજ થયેલ કોઇપણ વ્યક્તિ આવો ઠરાવ થયાનો તારીખથી ૬૦ દિવસની અંદર પેટા-વિભાગીય સ્તર સમિતિને અરજ કરી શકશે.

(૨) પેટા વિભાગીય સ્તર સમિતિ સુનાવણીની તારીખ નિયત કરશે અને તેની જાણ અરજદાર અને સંબંધિત ગ્રામ સભાને લેખિતમાં કરશે તેમજ અરજદારના ગામમાં સાનુકૂળ જાહેર સ્થળે આવી સુનાવણીના ઓછામાં ઓછા ૧૫ દિવસ પહેલા લગાવશે.

(૩) પેટા વિભાગીય સ્તર સમિતિ આવી અરજી સ્વિકારશે અથવા નકારશે અથવા સંબંધિત ગ્રામ સભાને પુનઃવિચારણા અર્થે મોકલાવશે.

(૪) આવો સંદર્ભ મળ્યા પછી ગ્રામ સભા ૩૦ દિવસમાં મળશે અને અરજદારને સાંભળશે અને સંદર્ભના અનુસંધાને ઠરાવ કરશે અને તે જ પેટા-વિભાગીય સ્તર સમિતિને મોકલાવશે.

(૫) પેટા-વિભાગીય સ્તર સમિતિ ગ્રામ સભાના આ ઠરાવને ધ્યાનમાં લઇને આ અરજીનો સ્વિકાર અથવા અસ્વિકાર નો યોગ્ય આદેશ કરશે.

(૬) અરજદારની અરજી પડતર હોય ત્યારે તેને વિપરીત અસર ન થાય તેમ, પેટાવિભાગીય સ્તર સમિતિ બીજા દાવેદારોના વન અધિકારો તપાસશે અને તેનું દફતર ભેગુ કરશે અને પેટા વિભાગીય અધિકારી દ્વારા જિલ્લા સ્તર સમિતિને રજૂ કરશે.

(૭) જ્યારે બે કે વધુ ગ્રામ સભાઓ વચ્ચે તકરાર હોય અને તેમાંથી કોઇ ગ્રામસભાની અરજી અથવા પેટા-વિભાગીય સ્તર સમિતિ પોતાની મેળે સંબંધિત ગ્રામ સભાઓની સંયુક્ત બેઠક તકરારનું નિરાકરણ લાવવા બોલાવશે અને જો ૩૦ દિવસમાં પરસ્પર સમજૂતિથી નિરાકરણ ન થાય તો પેટા-વિભાગીય સ્તર સમિતિ સંબંધિત ગ્રામ સભાઓની તકરારની સુનાવણી કર્યા પછી યોગ્ય આદેશ આપશે.

**૧૫. જિલ્લા સ્તરની સમિતિને અરજી** (૧) પેટા-વિભાગીય સ્તરની સમિતિના નિર્ણયથી કોઇપણ વ્યથિત પક્ષકાર, પેટાવિભાગીય સ્તરની સમિતિના નિર્ણયની તારીખથી ૬૦ દિવસની અંદર જીલ્લા સ્તરની સમિતિને અરજી કરી શકશે.

(૨) જિલ્લા સ્તર સમિતિ સુનાવણીની તારીખ નક્કી કરશે અને તેની જાણ અરજદાર અને સંબંધિત પેટા-વિભાગીય સ્તર સમિતિને લેખિતમાં કરશે તેમજ અરજદારના ગામમાં સાનુકુળ જાહેર સ્થળે આવી સુનાવણીના ઓછામાં ઓચા ૧૫ દિવસ પહેલા લગાવશે.

(૩) જિલ્લા સ્તર સમિતિ આવી અરજી સ્વિકારશે અથવા નકારશે અથવા સંબંધિત પેટા-વિભાગીય સ્તર સમિતિને પુનઃવિચારણા અર્થે મોકલાવશે.

(૪) આવો સંદર્ભ મળ્યા પછી પેટા-વિભાગીય સ્તર સમિતિ અરજદાર અને ગ્રામ સભાને સાંભળશે અને આ સંદર્ભે નિર્ણય લેશે અને તેની જિલ્લા સ્તર સમિતિને કરશે.

(૫) જિલ્લા સ્તર સમિતિ પછી અરજીને ધ્યાનમાં લઈને આ અરજીનો સ્વિકાર અથવા અસ્વિકારનો યોગ્ય આદેશ કરશે.

(૬) જિલ્લા સ્તર સમિતિ હક્કદાર અથવા હક્કદારો /દાવેદારોનાં વન અધિકાર સંબંધિત દફતર જિલ્લા વડાને અથવા જિલ્લા આયુક્તને સરકારી દફતરમાં જરૂરી સુધારા સારુ મોકલાવશે.

(૭) બે અથવા વધુ પેટા-વિભાગીય સ્તર સમિતિઓના આદેશોમાં વિસંવાદિતતા હશે ત્યારે જિલ્લા સ્તર સમિતિ પોતાની મેળે સંબંધિત પેટા-વિભાગીય સ્તર સમિતિઓની સંયુક્ત બેઠક બોલાવશે જેથી મતભેદોનો સુમેળ સાધી શકાય અને જો પરસ્પર સમજૂતીથી કોઈ નિર્ણય પર ન આવી શકાય ત્યારે જિલ્લા સતર સમિતિ, સંબંધિત પેટા-વિભાગીય સ્તરની સમિતિઓને તકરાર સંબંધિ સુનાવણી કરીને યોગ્ય આદેશ દ્વારા નિકાલ કરશે.

**ડૉ. બચ્ચીત્તર સિંહ સંયુક્ત સચિવ**

**(એફ નં. ૧૭૦૧૪/૦૨/૨૦૦૭- પીસીએન્ડ વી (વોલ્યુમ-૭))**

## પરિશિષ્ટ - ૧
## (જૂઓ નિયમ ૬(૧))
## નમૂનો - એ
## વન જમીનના અધિકાર માટેનો દાવા / હક્ક નો નમૂનો
## (જૂઓ નિયમ ૧૧(૧) (એ))

૧. દાવેદાર / દાવેદારોના નામ :

૨. પતિ/ પત્નિનું નામ :

૪. સરનામું :

૫. ગામ :

૬ ગ્રામપંચાયત :

૭. તેહસીલ / તાલુકો :

૮. જિલ્લો :

૯. (એ) અનુસૂચિત જનજાતિ : હા / ના
(પ્રમાણપત્રની પ્રમાણિત નકલ જોડવી)

(બી) અન્ય પરંપરાગત રીતે વનમાં વસવાટ કરનાર : હા / ના
જો પતિ / પત્નિ અનુસૂચિત જનજાતીના હોય તો (પ્રમાણપત્રની પ્રમાણિત નકલ જોડવી)

૧૦. કુટુંબના બીજા સભ્યોના નામ અને ઉંમર :
(બાળકો અને પુખ્તવયના આશ્રિતો સહિત)

જમીન ઉપર હક્ક / દાવાની પ્રકૃતિ

૧. વન જમીનના કબજાનો વિસ્તાર
   (એ) રહેઠાણ સારૂ
   (બી) જાતે-ખેતી કરવા સારૂ, જે હોય તે
      (જુઓ અધિનિયમની કલમ ૩ (૧) એ)

૨. જો તકરારી જમીન હોય તો ;
   (જૂઓ અધિનિયમની કલમ ૩ (૧) એફ)

૩. પત્તાસ / ભાડેપટ્ટે / મંજુરી, જે હોય તે ;
(જુઓ અધિનિયમની કલમ ૩ (૧) જી)

૪. જમીન પુનઃવસન માટે અથવા વૈકલ્પિક જમીન, જે હોય તે
(જૂઓ અધિનિયમની કલમ ૩(૧)(એમ))

૫. જમીનના વળતર વિના દૂર કરવામાં આવેલ હોય તેવી જમીન
(જૂઓ અધિનિયમની કલમ ૪(૮))

૬. જંગલમાં આવેલ ગામની જમીનનો વિસ્તાર, જે હોય તે,
(જૂઓ અધિનિયમની કલમ ૩(૧ ) એમ)

૭. અન્ય કોઈપણ પરંપરાગત અધિકારો, જે હોય તે,
(જૂઓ અધિનિયમ કલ ૩ (૧) (૧))

૮. સમર્થનનાં પુરાવા
(જૂઓ નિયમ ૧૩)

૯. બીજી અન્ય માહિતી

**દાવેદાર / દાવેદારોની સહી / અંગુઠાનું નિશાન :**

## નમૂનો બી
## સામાજિક (સામુહિક) અધિકારો માટેના દાવાનો નમૂનો
## (જૂઓ નિયમ ૧૧ (૧) એ અને (૪))

૧. દાવેદાવ / દાવેદારોના નામ :
એ એફડીએસટી સમાજ : હા / ના
બી ઓટીએફડી સમાજ : હા / ના

૨. ગામ :

૩. ગ્રામ પંચાયત :

૪. તેહસીલ / તાલુકા :

૫. જિલ્લા :

સામાજિક (સામુહિક) અધિકારો માણવાની પદ્ધતિ

૧. સામાજિક જેવા કે નિસ્તર, જે હોય તે
(જૂઓ અધિનિયમની કલમ - ૩ (૧) બી)

૨. ગૌણ વન્ય પેદાશ ઉપર અધિકાર, જે હોય તે,
(જૂઓ અધિનિયમની કલમ ૩ (૧) સી)

૩. સામુહિક અધિકારો
એ. જગ્યાઓના વપરાશ (માછલીઓ, પાણીસંગ્રાલયો) જે હોય તે,
બી. ચરીયાણ, જે હોય તે
સી. ભટકતી અને ઢોર ચરાવનાર જાતીઓના પરંપરાગત રીતેના સંશાધન(સ્ત્રોત)
(જૂઓ કલમ ૩ (૧) (જી))

૪. સામુહિક વસવાટનો સમયગાળો અને વસવાટ
અવિકશીત જાતીઓ સમૂહો (પીટીજી) અને પૂર્વ-ખેતીવાડી સમૂહો માટ, જે હોય તે,

૫. જૈવિક વૈવિધતા, બૌધિક સંપદા અને પરંપરાગત જ્ઞાનનો ઉપયોગ કરવાનો બૌધિક અધિકાર, જે હોય તે,
(જૂઓ અધિનિયમની કલમ ૩ (૧)(કે) )

૬. બીજા પરંપરાગત અધિકાર, જે હોય તે,
(જૂઓ અધિનિયમની કલમ ૩(૧)(૧))

૭. સમર્થનના પુરાવા
(જૂઓ નિયમ ૧૩)

૮. બીજી અન્ય માહિતી

**દાવેદાર / દાવેદારોની સહિ / અંગુઠાનું નિશાન**

## પરિશિષ્ટ - ૨

## જૂઓ નિયમ ૮ (એચ)

(અન્ય જંગલની જમીન જે ધંધા-રોજગારોમાં છે તેના માલિકી હક્ક (ટાઇટલ) માટે)

૧. નામ (નામો) :

વનઅધિકારો ધારણ કરનારના પતિ / પત્નિના નામ સાથે

૨. પિતા / માતાનું નામ :

૩. આશ્રિતોના નામ :

૪. સરનામું :

૫. ગામ / ગ્રામ સભા :

૬. ગ્રામ પંચાયત :

૭. તેહસીલ / તાલુકો :

૮. જિલ્લો :

૯. અનુસૂચિત જનજાતી અથવા બીજી પરંપરાગત વનમાં રહેનાર જાતી :

૧૦. વિસ્તાર :

૧૧. ખેસરા / વિભાગના નંબર સહિત પ્રખ્યાત નિશાનીઓથી સિમાનું વર્ણન :

આ માહિતી હક્ક (ટાઈટલ) વારસાપ્રદ છે, પણ અધિનિયમની કલમ ૪ ની પેટા કલમ (૪) મુજબ તેનો ભાગ / બીજાને અથવા તબદીલ થઈ શકશે નહિ.

અમે નીચે સહી કરનાર ગર્વમેન ઓફ (રાજ્યનું નામ) ________________ માટે અને વતી અમારી સહિ દ્વારા ઉપરોક્ત વન અધિકારને સમર્થન કરીએ છીએ.

**વિભાગીય વન અધિકારી / નાયબ વન સંરક્ષક**

**જનજાતી જિલ્લા કલ્યાણ અધિકારી**

**જિલ્લા વડા / નાયબ આયુક્ત**

## પરિશિષ્ટ - ૩
## (જૂઓ નિયમ ૮ (એમ))

સામુહિક (સામાજિક) વન અધિકારોના મહિતી હક્ક (ટાઈટલ) માટે

૧. સામુહિક વન અધિકારો ધારણ કરનાર / કરનારાઓના નામ / નામો :

૨. ગામ / ગ્રામ સભા :

૩. ગ્રામ પંચાતય :

૪. તેહસીલ / તાલુકો :

૫. જિલ્લો :

૬. અનુસૂચિત જનજાતી / બીજા પરંપરાગત તરીકે વનમાં વસવાટ કરનાર :

૭. સામુહિક અધિકારોની પ્રકૃત્તિ :

૮. શરતો જે હોય તે :

૯. સીમાઓનું વર્ણન જેમાં ઋઢીગત સીમા અને / અથવા પ્રખ્યાત નિશાનીઓથી સિમાવર્ણન જેમાં ખેસરા / વિભાગ નંબર સહિત :

સામુહિક વન અધિકારો ધારણ કરનાર / કરનારાઓના નામ / નામો

૧.....................................................

૨.....................................................

૩.....................................................

અમે નીચે સહિ કરનાર ગર્વમેન્ટ ઓફ (રાજયનું નામ ) ...................... માટે અને વતી અમારી સહિઓ દ્વારા ઉપરોક્ત જાણાવવામાં આવેલ આવેલ સામુહિક વન અધિકારોના ધારણ કરનારાઓના ટાઈટલ (માલિકી હક્ક)ને સમર્થન કરીએ છીએ.

**વિભાગીય વન અધિકારી / નાયબ વન સંરક્ષક** **જિલ્લા જનજાતી કલ્યાણ અધિકારી**

**જિલ્લા વડા / નાયબ આયુક્ત**

# નિયમો

## નિયમ-૧

વ્યક્તિગત અથવા સામુહિક દાવા અરજીઓ ''જંગલ અધિકાર સમિતી''લ ને નિયત મર્યાદામાં તેમજ તેના નિયતફોર્મમાં ''જંગલ અધિકાર સમિતી'' ના અધ્યક્ષ અથવા સમિતીના સભ્યો ને આપી તેની પહોંચ મેળવવાની જવાબદારી અરજદારની રહેશેં. અરજી માટે ફોર્મ નં.૧ પ્રમાણે અરજી કરવાની રહેશેં.

## નિયમ-૨

વ્યક્તિગત અથવા સામુહિક દાવા અરજી સાથે જો અરજદાર આદિવાસી હોય તો આદિવાસી અંગેનું પ્રમાણપત્ર સરકારે અધિકૃત કરેલા ઓફિસર પાસેથી મેળવીને જોડવાનું રહેશે. જે અરજદારો પાસે સરકારી અધિકૃત પ્રમાણપત્ર ન હોય તેમને ગ્રામસભા અથવા સરપંચ પાસેથી આદીવાસી હાવાનું પ્રમાણપત્ર મેળવી દાવા અરજી સાથે જોડવાનું રહેશે. અથવા અરજદારે પોતાની પાસે આદિવાસી અંગેનું જાતીપ્રમાણપત્ર ન હોય તેવા સંજોગોમાં પેઢીનામા માં દર્શાવ્યા પ્રમાણે લોહીનો સંબંધ ધરાવતા સગા-સબંધીનું જાતીપ્રમાણપત્ર જોડે અને કાયદાની જોગવાઈ અનુસાર જો અધિકૃત જાતીપ્રમાણપત્રની જરૂર પડે તો માગ્યેથી ત્રણ મહીનાની મુદ્દતમાં રજુ કરવાનું રહેશે પરંતુ આ સંજોગોમાં અરજદારનો દાવો સ્થગિત કરી શકાશે નહીં અને અરજદારના દાવાનું ટાઈટલ સર્ટીફિકેટ કાયદાથી અધિકૃત જાતીપ્રમાણપત્ર મળ્યેથી આપવાનું રહેશે.

## નિયમ-૩

વ્યક્તિગત દાવા અરજી કરતી વખતે અરજદારે વિભક્ત કુટુંબની યાદી (નામ, સંબંધ અને ઉંમર) જોડવી પડશે જેના આધાર તરીકે રેશનકાર્ડ, મતદારકાર્ડ, મતદાર યાદીના નામ નંબરનો દાખલો, એન.આર.ઈ.જી.એ.નું જોબકાર્ડ વગેરેમાંથી કોઈપણ એક જોડવું ફરજિયાત રહેશે.

## નિયમ-૪

વ્યક્તિગત અરજદારે રહેઠાણ તથા ખેડાણ માટેના દાવા અરજીમાં નીચેનામાંથી ઓછામાં ઓછો એક પુરાવો જોડવાનો ફરજિયાત રહેશે.

(અ) જાહેર દસ્તાવેજ, સરકારી દસ્તાવેજો જેવા કે ગેઝેટર્સ, વસ્તી ગણતરીનો અહેવાલ, સર્વે

સેટલમેન્ટનો અહેવાલ, નકશા, સેટેલાઈટ વડે લીધેલા ફોટોગ્રાફ, કામના આયોજનો, વ્યવસ્થા ના આયોજનો, નાના આયોજનો જંગલ તપાસણીના અહેવાલો બીજા જંગલના દસ્તાવેજો, ગમે તે નામે ઓળખાતા અધિકારપત્રો, સમીતી અથવા કમીશનના રિપોર્ટો, સરકારી હુકમો, નોટીફીકેશન, ઠરાવો, પરિપત્રો ,પત્રો વિગેરે.

(બ) સરકારના અધિકૃત દસ્તાવેજો જેવા કે મતદાર ઓળખકાર્ડ, રેશનકાર્ડ, પાસપોર્ટ, યોજનાઓ, વીમા, લાયસન્સ ડ્રાઈવીંગ(ચાલક),મકાન વેરો, પાણીવેરો, શિક્ષણવેરો, લાઈટબીલ વિગેરે.

(ક) વડીલોના નિવેદનો, ગામના લોકોના નિવેદનો, ગ્રામસભા સમક્ષ કરેલા નિવેદનો(ગુબાનીયો) વગેરે.

(ડ) કાચા અને પાકા, કાયમી અને કામચલાઉ બાંધકામો વિગેરે જેવા કે પાળા બંધી, ચેકડેમો, દિવાલ, વાડ, મકાન, કૂવો તથા ન્યાયીક કે અર્ધન્યાયીક દસ્તાવેજો, કોર્ટના હુકમો, ચુકાદાઓ, પ્રાથમિક ગુનાના અહેવાલ જે ગમે તે નામે ઓળખાતા હોય (ફરિયાદ, દંડપાવતી, રસીદ, રિસીપ્ટ, નોટીસ) અગાઉ કરેલ દાવા અરજીઓ, જવાબો, પત્રવ્યવહાર, પ્રતિષ્ઠિત સંસ્થાઓ અથવા વ્યક્તિઓના સંશોધનો, અહેવાલો કે દસ્તાવેજો, પ્રકાશનો, પ્રેસનોટો, નકશાઓ, અધિકારપત્રો વિગેરે.

(ઈ) પહેલાંની દાવા અરજીઓ, આવેદનપત્રો, કોર્ટ કે શીસ, રીટપીટીશન, મનાઈ હુકમ.

(એફ) અગાઉની ગ્રામસભાના ઠરાવો, મૃત વડીલોના દસ્તાવેજ

(જી) જંગલ ઉપરના અધિકારો આપતા પરંપરાગત કાયદાઓ, લેખિત રીતે રિવાજો અને રૂઢીઓ જે જંગલ પરના અધિકારો પ્રસ્થાપિત કરતા હોય.

(એચ) પરંપરાગત બાંધકામો તથા ફોટોગ્રાફ્સ કે ચિત્રો જેવા કે કુવા, સ્મશાન, દેવી-દેવતાઓના સ્થાનકો, ઊજવણીઓ.

**નિયમઃ-૫**

સામુહિક અધિકારોના દાવા અરજીઓ માટે નિયમ-૪ માં બતાવેલ પુરાવા ઉપરાંત નીચે મુજબના અન્ય પુરાવાઓ પણ ધ્યાનમાં લેવામાં આવશે.

(અ) માચ્છીમારી કરતા હોય તો સહકારી મંડળીના સભ્યોની યાદી, રજીસ્ટ્રેશન નંબર

## નિયમ-૬

સામુહિક દાવા અરજીઓ સહી કરેલી અરજી ''જંગલ અધિકાર સમિતી''ના અધ્યક્ષ કે સભ્યોનો ફોર્મ નં.૩ ના માળખામાં આપવાની રહેશે.

## નિયમ-૭

''જંગલ અધિકાર સમિતી'' આવેલ દાવા અરજીઓ માટે અરજદારોનું વિભાગ પ્રમાણે રજીસ્ટર બનાવશે અને સાચવશે.

## નિયમ-૮

''જંગલ અધિકાર સમિતી'' આવેલી દાવા અરજીઓની ચકાસણી કરી વ્યક્તિગત તથા સામુહિક અહેવાલ નિયત સમય મર્યાદામાં કરશે.

(અ) ''જંગલ અધિકાર સમિતી'' દાવા અરજીમાં દર્શાવેલ વિગતો તથા પુરાવાનાઓના આધારે સ્થળ તપાસ કરશે. સ્થળ તપાસના આધારે દાવાની ચકાસણી કરશે.

(બ) દાવા અરજી અને જોડેલ પુરાવાના આધારે તથા જરૂર જણાય તો વધારાના પુરાવા તથા લેખિત રેકોર્ડ અથવા અરજદાર તથા સાક્ષીઓના મૌખિક નિવેદનો લઈ શકશે.

(ક) જો એક કરતાં વધારે અરજદારોની દાવા અરજીમાં કોમન દસ્તાવેજ, પુરાવો કે સાક્ષી હશ તો''જંગલ અધિકાર સમિતી'' ને તે બધા અરજદારો વતી તે દસ્તાવેજ, પુરાવા કે સાક્ષીને કોમન રીતે ઉપયોગ કરવાની સત્તા રહેશે. પરંતુ, ''જંગલ અધિકાર સમિતી''ને જરૂરિયાત જણાય તો દરેક અરજદાર માટે કોમન સાક્ષી, દસ્તાવેજ કે પુરાવાને અલગ-અલગ પણ નોંધી શકશે.

## નિયમ-૯

''જંગલ અધિકાર સમિતી'' દાવા ચકાસણી માટે સ્થાનિક સ્વરાજના કર્મચારીઓની મદદ લઈ શકશે. સ્થાનિક કર્મચારીઓ પોતાના તથા ''જંગલ અધિકાર સમિતી'' ના અનુકૂળ સમયે ''જંગલ અધિકાર સમિતી''ને માગ્યા મુજબની મદદ પુરી પાડવા ઈન્કાર કરી શકશે નહીં.

## નિયમ-૧૦

''જંગલ અધિકાર સમિતી'' કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે અધિકારીને જરૂરિયાત પ્રમાણે મદદ માટે કે પુરાવા લેવા હાજર રાખી શકશે.

## નિયમ-૧૧

''જંગલ અધિકાર સમિતી'' ખાસ ગ્રામસભાની મદદથી સામુહિક જંગલના સંસાધનોના રક્ષણ અને વ્યવસ્થાપન માટે આયોજકનો, નિયમો, પધ્ધતિ, પ્રક્રિયાઓર અને લોકભાગીદારની વ્યવસ્થા કરશે.

## નિયમ-૧૨

(અ) ''જંગલ અધિકાર સમિતી'' ખાસ ગ્રામ સભાની મદદથી જંગલ ખાતા અને બીજા સ્થાનિક સત્તામંડળોને તેના નિયમો પાળવા અને મદદરૂપ થવા વિનંતી કરશે.

(બ) જયારે જરૂર જણાય ત્યારે અથવા ''જંગલ અધિકાર સમિતી'' કે ખાસ ગ્રામસભાના અધિકારો ભોગવવામાં વિક્ષેપ પડે ત્યારે તેને સરખુ કરવા માડટે લાગતા-વળગતા સત્તાધિમંડળોને કાર્યવાહી કરવા ડાયરેકશન આપશે.

(ક) સહભાગી વન વ્યવસ્થા સમિતી, ઈકો ડેવલપમેન્ટ સમિતી, પાણી સમિતી, બાયો ડાયવર્સસીટી વ્યવસ્થાપન સમિતી અને તેના જેવી બીજી સમિતીઓ કે સંસ્થાઓને કે જેને જંગલના સંસાધનોના વ્યવસ્થાપન સાથે સંબંધ છે તેની કામગીરીમાં માર્ગદર્શન આપશે.

## નિયમ-૧૩

''જંગલ અધિકાર સમિતી'' જરૂર જણાય તો કોઈપણ સત્તામંડળને પુરાવા માટે હાજર રાખી શકાશે કે પુરાવા મંગાવી શકશે.

## નિયમ-૧૪

''જંગલ અધિકાર સમિતી'' લેખિત વિનંતીથી રાજય કક્ષાના કોઈપણ કક્ષાના કોઈપણ વિભાગ પાસેથી જરૂરી માહિતી, રેકોર્ડસ કે દસ્તાવેજ મંગાવી શકશે અને સંલગ્ન સત્તા અધિકારીએ જરૂરીયાત પ્રમાણે તે ફરજિયાતપણે રજુ કરવાના રહેશે.

## નિયમ-૧૫

''જંગલ અધિકાર સમિતી''મહેસુલી અને જંગલખાતાની હદ નક્કી કરતા નકશાઓ બનાવી શકશે અને પ્રમાણિત કરી શકશે.

## નિયમ-૧૬

''જંગલ અધિકાર સમિતી''ના તેના કાર્યો કરવા માટે જરૂરી નાણાકિય તેમજ અન્ય મદદ ત્રણેય સ્તરની

પંચાયતો તથા રાજય સરકારે કરવાની રહેશે આ માટે ''જંગલ અધિકાર સમિતી'' જરૂરિયાત પ્રમાણેના બજેટ ગ્રામપંચાયતમાં જમા કરાવશે. બજેટના નાણાં ખર્ચ થયેથી ખર્ચનું પ્રમાણપત્ર ''જંગલ અધિકાર સમિતી''એ ખાસગ્રામસભા પાસેથી મેળવવાનું રહેશે.

## નિયમ-૧૭

''જંગલ અધિકાર સમિતી''જરૂરિયાત પ્રમાણે સમિતીના બે તૃતિયાંશ બહુમતથી ઓછામાં ઓછા ત્રણ દિવસની નોટીસથી ખાસ ગ્રામસભા બોલાવી શકશે.

## નિયમ-૧૮

સામુહિક દાવા માટે વ્યક્તિગત ભલામણ વન અધિકાર સમિતીને આપી શકશે જેના આધારે સમિતી દાવા અરજી તૈયાર કરશે અને તેને હવે પછીની ગ્રામસભામાં લોકો સમક્ષ ચર્ચા વિચારણા અને સુચનો માટે મુકશે.

## નિયમ-૧૯

આ સામુહિક દાવા અરજી માટેના સુચનો ગ્રામસભામાં ચર્ચામાં મુક્યા પછીના ૧૫ દિવસની અંદર ગામના મતદારો સમિતીને લેખિતમાં આવશે.

## નિયમ-૨૦

સમિતી સુચનોના આધારે આખરી સામુહિક અધિકારો માટેની દાવા અરજી તૈયાર કરી ગ્રામસબામાં મંજુરી માટે મુકશે.

## નિયમ-૨૧

સામુહિક અધિકારો કોઈ એક સમુહના, સમાજના કે આખા ગામના હોઈ શકે તે પંચાયત કક્ષાના કે તાલુકા કક્ષાના પણ હોઈ શકે.

ગ્રામકક્ષાના સામુહિક અધિકારો જે તે ગામની ગ્રામસભા મંજુરી આપશે.

પંચાયત કક્ષાના સામુદાયીક અધિકારોને કે પંચાયતની ગ્રામસભા મંજુરી આપશે.

પંચાયત બહારના સામુદાયીક અધિકારો સબડીવીગુતલ સમિતી અથવા જીલ્લા કક્ષાની સમિતી મંજુરી આપશે.

**વિકલ્પ**

એ/૮, આનંદ ટેનામેન્ટ,
વસ્ત્રાપુર રેલ્વે સ્ટેશન પાસે,
વેજલપુર, અમદાવાદ-૩૮૦ ૦૫૧.

•